ૐ હ્રીઁ અર્હં નમોનમઃ

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૫


*લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ*

*સહાયક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.*



આવૃત્તિ-અઠારમી ❖ તા.૧-૧૦-૨૦૧૬

❖ નકલ : ૩૦૦૦ ❖ પૂર્વની નકલ : ૭૮,૫૦૦

કિંમત ₹ ૨-૦૦


**પ્રાપ્તિસ્થાનો**

**અમદાવાદ :**

- ❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫
- ❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯
- ❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪
- ❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

- ❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬
- ❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮


**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫**

**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨**

**જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮**

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग १ से ५ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૫૪,૦૦૦ નકલ છપાઈ**

# ભાગ-૫ની અનુક્રમણિકા


| ક્રમ | મુખ્ય વિષય | પેજ નં. |
|---|---|---|
| (૧) | આદર્શ મા-બાપ | ૧ થી ૧૩ |
| (૨) | ગુરૂવંદન–ભક્તિ | ૧૪ થી ૨૨ |
| (૩) | ધર્મદઢતા | ૨૩ થી ૩૭ |
| (૪) | શીલરક્ષા | ૩૮ થી ૪૦ |
| (૫) | બ્રહ્મચર્યપ્રેમ | ૪૧ થી ૪૫ |
| (૬) | પુસ્તકવાંચન | ૪૬ થી ૪૭ |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | ધાર્મિક પુસ્તકનો પ્રભાવ | ૫૨ |
| ૧. | પુત્રહિતેચ્છુ સુશ્રાવક | ૧૯૬ |
| ૨. | દીક્ષાપ્રેમી સુશ્રાવિકા | ૧૯૭ |
| ૩. | નગરશેઠને માએ ધર્મી બનાવ્યો | ૧૯૭ |
| ૪. | બાળકોના દેવદૂતો | ૧૯૮ |
| ૫. | જૈન મમ્મી પપ્પા બનવું છે ? | ૧૯૯ |
| ૬. | કાંતિભાઈની ગુરુભક્તિ | ૧૯૯ |
| ૭. | આરાધક પ્રત્યે વાત્સલ્ય વધારો | ૨૦૦ |
| ૮. | ધન્ય માતાપિતાઃ | ૨૦૧ |
| ૯. | જૈન માતા પિતા | ૨૦૨ |
| ૧૦. | ઘર દેરાસરનો પ્રભાવ | ૨૦૪ |
| ૧૧. | ધર્મના નિષેધના ભયંકર નુકશાન | ૨૦૫ |
| ૧૨. | શ્રાવિકાની પુત્ર માટે ભાવના | ૨૦૬ |
| ૧૩. | મારે ઉપવાસ કરવો જ છે | ૨૦૭ |
| ૧૪. | ગુરુભક્તિ | ૨૦૭ |
| ૧૫. | સેવ (Save) શ્રાવકપણું | ૨૦૮ |
| ૧૬. | ગીરધરનગરની અફલાતુન ભક્તિ | ૨૦૯ |
| ૧૮. | સાધુના આશીર્વાદનો ચમત્કાર | ૨૧૦ |

૧૯. ગુરુદેવોની તિથિ ઉજવો .......................... ૨૧૧
૨૦. ગુરુવંદને ગુરૂ બનાવ્યા ............................ ૨૧૨
૨૧. યાત્રામાં સુપાત્રદાન ! ............................ ૨૧૩
૨૨. આ કાળના આદર્શ સુશ્રાવક ...................... ૨૧૪
૨૩. દ્રઢ ધર્મી સુશ્રાવક ................................ ૨૧૪
૨૪. સામાયિક રાગ .................................... ૨૧૭
૨૫. સુશ્રાવકના મનોરથ .............................. ૨૧૭
૨૬. ધર્મદઢ સુશ્રાવિકા ................................ ૨૧૮
૨૭. અનેકવિધ તપ .................................... ૨૧૯
૨૮. બહુમાનથી ભાગે ! ................................ ૨૧૯
૨૯. શાસનરાગી સુશ્રાવક ............................. ૨૨૦
૩૦. અજૈન પણ જૈન આચારમાં અડગ ................. ૨૨૧
૩૧. જિનાજ્ઞાપાલક બનો ............................... ૨૨૩
૩૨. પરદેશમાં પણ પ્રતિક્રમણ .......................... ૨૨૩
૩૩. ધર્મ પરભવમાં જરૂર સાથે આવે .................. ૨૨૪
૩૪. ધૈર્યથી પરિવારને ધર્મી બનાવ્યો .................... ૨૨૬
૩૫. ઘર–દેરાસરથી કરોડપતિ ......................... ૨૨૭
૩૬. ડૉ. ખાનનું જૈનપણું .............................. ૨૨૮
૩૭. ચિંતનનો ચમત્કાર ! .............................. ૨૩૦
૩૮. શીલરક્ષા ......................................... ૨૩૦
૩૯. શીલરક્ષા માટે પતિનો ત્યાગ ...................... ૨૩૧
૪૦. શીલ માટે સાહસ ................................. ૨૩૨
૪૧. પુત્ર મોત છતાં ચોથું વ્રત .......................... ૨૩૩
૪૨. બ્રહ્મચર્યનો પ્રેમ .................................... ૨૩૪
૪૩. નૂતન પરિણિતનું પરાક્રમ ......................... ૨૩૫
૪૪. યાવજ્જીવના બ્રહ્મચર્યની તાલાવેલી ................. ૨૩૬
૪૫. ભરયુવાનીમાં બ્રહ્મચર્ય .............................. ૨૩૬
૪૬. પુસ્તક–વાંચનથી ધર્મી ............................ ૨૩૭
૪૭. ગોખે તેને આવડે .................................. ૨૩૮

# જૈન આદર્શ પ્રસંગો

## ભાગ - ૫

### ૧. પુત્રહિતેચ્છુ સુશ્રાવક

એ સુશ્રાવિકાએ પોતાના યુવાન પુત્રનું આત્મહિત થાય એ માટે સમજાવ્યો કે મહારાજ સાહેબ પાસે થોડો સમય રહે. ભાવના એવી કે દીક્ષા લે તો તેનુ કલ્યાણ થાય. શ્રાવિકા ગુજરાતના હતા. વર્ષો સુધી સાથે રહેવા છતાં એ યુવાનને ભાવ ન થયો. પછી માએ પરણાવવો પડ્યો. માની મહેનત નકામી ગઇ ? ના. એને દિક્ષા ગમી તો ગઇ પણ દીક્ષાનો ઉલ્લાસ ન થયો. છતાં પુત્રે મોટો થઈ પોતાના પુત્રને બચપણથી દીક્ષાની પ્રેરણા કરી ! અને અંતે અપાવી. આ મહાત્મા આજે પણ સાધુપણુ પાળી રહ્યા છે. આવા કાળમાં પણ કેવા ઉત્તમ જૈનો કે પુત્રોને શાસનને સમર્પી દે !

પ. પૂ. આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મ. આદિના પ્રયત્નોથી આજે તો આવા કેટલાય શ્રેષ્ઠ શ્રાવક-શ્રાવિકાઓ છે કે જેઓ પોતાના સંતાનોને તૈયાર કરી દીક્ષા અપાવે છે ! કેટલાય અભિગ્રહ કરે છે કે અમારે દીક્ષાની ના ન પાડવી. જો સંતાન યોગ્ય હોય તો કેટલાય પછીથી સ્વયં રાજીખુશીથી દીક્ષા અપાવે છે ! હે સ્વહિતચિંતકો ! તમે પણ સંતાનો તથા આશ્રિતોને સંસ્કાર સીંચી સ્વપરહિત સાધનારા બનાવો તો અનંતાનંત પુણ્ય બંધાશે. બાકી તો આ કાળ એવો ભયંકર છે કે સંસ્કાર નહીં સિંચ્યા હોય તો વર્તમાનકાળના વિષમ વાતાવરણના પ્રભાવે ધર્મ તો નહીં કરે, પણ કદાચ તમને પણ ત્રાસ ને દુઃખ આપશે. તેથી એવું પણ બને

કે અસમાધિને કારણે તમારે પણ ઘણા ભવ દુર્ગતિ વગેરેના દુઃખો ભોગવવા પડે. તેથી જેને દીક્ષા લેવી હોય તેને અંતરાય કરવાનુ ભયંકર પાપ તો ન જ કરવું.

## ૨. દીક્ષાપ્રેમી સુશ્રાવિકા

એ ઉત્તમ સુશ્રાવિકા મણિબહેન, વાપીના. રાત્રે પુત્ર વગેરેએ કહ્યું કે, બા તું માસક્ષમણ કર ને! એ તરત તૈયાર થઈ ગયા ! અત્તરવાયણા કર્યા વિના બીજા જ દિવસથી શરૂ ! શરીરનું પુણ્ય ઓછું. પણ ધર્મનો પ્રેમ ખૂબ. હિંમતથી સારી રીતે માસક્ષમણ પૂરુ કર્યું. ધન્યવાદ. માસક્ષમણમાં પૂજા, પ્રવચન, વગેરે બધી આરાધના કરી.

આ શ્રાવિકા એ બંને પુત્રોને સંસ્કાર આપી તૈયાર કરી શાસનને સમર્પિત કરી દીધા ! માનું હૈયુ ચાલે ? પણ ધર્મ હૈયામાં વસ્યો હોય તો એ કેવા અદ્ભૂત પરાક્રમો કરાવે છે! પુણ્યશાળીઓ! તમે પણ અનંતકાળે મળેલા આ શાસનને સમજી તમારૂ પણ હિત થાય એવા સુંદર સંસ્કાર સંતાનોને આપી શાસનભક્તિ કરો એ જ શુભેચ્છા.

## ૩. નગરશેઠને માએ ધર્મી બનાવ્યો

ગંગામાને ધર્મ ખૂબ ગમે. અમદાવાદના શેઠ કુટુંબના કસ્તુરભાઈ લાલભાઈના દાદીમા થાય. લાલભાઈ પાસે સંઘના આગેવાનો આવ્યા. સંઘનું એક મહત્ત્વનું કામ હતું. લાલભાઈની લાગવગથી થાય એમ હતું. પણ લાલભાઈએ ના પાડી દીધી. એ જમવા આવ્યા ત્યારે ગંગામાએ લાલભાઈના ભાણામાં પથરા મુક્યા. લાલભાઈએ પૂછયું, ''આ શું ?'' ગંગામા કહે,''મારા કૂખે પથરા પાક્યા હોત તો સારુ હતું.'' લાલભાઈ શરમાઈ ગયા.

પૂછવાથી માએ ખુલાસો કર્યો કે તારાથી થાય એમ છે, છતાં શાસનના કામ માટે ના પાડી દીધી ? જૈનને આ શોભે? લાલભાઈએ કામ કરાવી આપ્યું. હે ધર્મપ્રેમીઓ ! શાસન અને સંઘના બધાં કામ તન, મન, ધનથી કરી મહાન લાભ મેળવજો એ જ અભ્યર્થના.

## ૪. બાળકોના દેવદૂતો

અમદાવાદ શાંતિનાથની પોળના સુશ્રાવક **લાલભાઈ ત્રિકમલાલ વર્ષોથી બાળકોને ધર્મ આરાધના માટે ખૂબ પ્રોત્સાહન આપે છે !** દા.ત. જે પૂજા કરે તેને, સાંજે કપાળમાં ચાંલ્લો બતાવે તેને પેન્સીલ, નોટ વગેરે કાંઈ ને કાંઈ પ્રભાવના કરે. **રોજ ૨૦૦ થી વધુ બાળકો ચાંલ્લો બતાવી જાય.** પ્રભુ પ્રાર્થનાઓ ગોખી લાવે તેને પ્રભાવના કરે. **પાદશાહની પોળના ચંપકભાઈ પૂજા કરે તે બાળકોને વેકેશનમાં રોજ પ્રભાવના કરે છે !** અલગ અલગ વસ્તુ આપે. હમણાં તો એટલી નાની પોળમાં ૬૦ બાળરાજાઓ પૂજા કરતા થઈ ગયા. (આ વાંચી તમને શા ભાવ જાગ્યા ? ગામના, સંઘના, પડોશના અને પોતાના બાળકોને, પૂજા ગાથા વગેરે ધર્મ કરે તે માટે પ્રોત્સાહિત કરવાનો સંકલ્પ કર્યો ? વધુ શક્ય ન હોય તો પોતાના બાળકોને રોજ અને વેકેશનમાં વિશેષપણે ધર્મ કરે તે માટે પ્રેરણા, પ્રોત્સાહન, પૃચ્છા, પ્રશંસા વગેરે કરશો ?) તમારા સંતાનોના સ્કૂલ-કોલેજના અભ્યાસ માટે તમે ખૂબ કાળજી કરો છો, પ્રોત્સાહન આપો છો. તો ધર્મ-આરાધના માટે અવારનવાર પ્રેરણા કરવી એથી પણ વધુ જરૂરી નથી ? છે જ. વંદિત્તુ, અતિચાર વગેરે તું ગોખી લાવે તો આબુ ફરવા લઈ જઈશ વગેરે પ્રોત્સાહન આપવાથી તેઓ કરશે. પુણ્યથી તેમને જૈન કુળ

મેળવ્યું છે. શક્તિ પણ ઘણી છે. ખામી પ્રાયઃ તમારી કાળજી નથી એ છે. સ્કુલ કોલેજમાં સારા માર્ક્સ લાવે તે તમારા સંતાનને લોગસ્સ વગેરે પણ ના આવડે તે તમારે માટે શરમજનક નથી ? ધર્મનું ન ભણેં તો પાપ તમને ન લાગે ? આ બાબત ખૂબ વિચારજો. તમારા સંતાનોને સારા સંસ્કાર આપશો તો પુણ્ય તો જરૂર બંધાશે. પાછલી ઉંમરે તેઓ તમને સેવા, સમાધિ વગેરે આપશે અને બીજા પણ ઘણા લાભ થશે. સંતાનને સદ્‌ગતિગામી ને સુખી બનાવવાનું પ્રત્યેક મા-બાપનું મહત્ત્વનું કર્તવ્ય છે.

## ૫. જૈન મમ્મી પપ્પા બનવું છે ?

રસિકભાઈ (કાકાબળીયાની પોળ, અમદાવાદવાળા) **બધાં બાળકોને જન્મથી ઉકાળેલું પાણી પીવરાવે છે. જન્મના થોડા દિવસો પછી રાત્રિભોજન ત્યાગ** (તિવિહાર) તથા **પૂજા રોજ** કરાવે છે. નવસારી, મુંબઈ વગેરેના કેટલાક બાળકો પણ આમ તિવિહાર, ઉકાળેલું પાણી, પૂજા વગેરે કરે છે. તેઓના માતાપિતાને ખૂબ ધન્યવાદ ! બાળકો મોટા થયા પછી કદાચ તમારું ન માને. પણ **નાના બાળકો તો મમ્મી પપ્પા શીખવાડે તે શીખે.** હે ધર્મપ્રેમીઓ ! આવી શક્ય આરાધનાઓ તમારા બધા સંતાનોને કરાવી તમે અનંત પુણ્ય ઉપાર્જો તથા તમારા વ્હાલા બાળકોને સુંદર સંસ્કાર ને ધર્મ આપો.

## ૬. કાંતિભાઈની ગુરુભક્તિ

અનેક કાંતિભાઈની કાન્તિ અને તેજલિસોટા તમે જાણ્યા. અહીં મારે શામળાની પોળના કાંતિભાઈની વિશિષ્ટ સાધના વર્ણવવી છે. **ચૌદ વર્ષની બાળ વયે ચારિત્રની ભાવના જોરદાર હતી અને ઉદ્યમ પણ કર્યો !** સફળતા ન મળી. ધર્મરાગ સાચો

હતો. તેથી ઘણાં વર્ષોથી દેરાસર ઉપાશ્રય વગેરેના વહીવટ, કામકાજ, તીર્થયાત્રાઓ, વ્યાખ્યાનશ્રવણ, સાધુભક્તિ આદિ અનેકવિધ આરાધનાઓ ચાલુ જ છે. વીસેક વર્ષ પહેલાં પ.પૂ. ગુરુદેવે તેમને પ્રેરણા કરી – 'કાન્તિ ! દીક્ષાનો ઉલ્લાસ હવે થતો નથી તો **સાધુઓની ભક્તિ કર.** શક્તિ હોય તો રોજ જ્ઞાનમંદિર જવું અને સાધુઓને સંયમ પાલનમાં આવશ્યક ઔષધ વગેરે જાણીને મેળવી આપવા." આત્મહિતેચ્છુ આ આરાધકે ગુરૂપ્રેરણા ઝીલી લીધી ! વર્ષોથી સાધુસેવા અવિરત ચાલુ જ છે. એમના બીજા પણ ગુણો અને પ્રસંગો ઘણાં છે.

## ૭. આરાધક પ્રત્યે વાત્સલ્ય વધારો

એ બેંગલોરનો કિશોર હતો. પ.પૂ. શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ.સા. ના પરિચયે ૧૩ વર્ષની લઘુવયે યાવજ્જીવ ટી.વી. ત્યાગનું મોટું પરાક્રમ કર્યું. દીક્ષાની ભાવના થઈ ! પરંતુ દીક્ષા થતાં પહેલાં પૂ. શ્રીનો સ્વર્ગવાસ થયો. દયાનિધિ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય ભુવાનભાનુસૂરીશ્વરજી મ. સાહેબને આ દિક્ષાર્થીના આત્માની ચિંતા થઈ. બોલાવ્યો. પૂછ્યું : 'હવે શું કરવું છે ?' એણે રડતાં કહ્યું 'ગુરુદેવ ગયા. હવે ઘેર જઈશ.' બાળક હતો. પ્રેમનો ભૂખ્યો હતો. પૂ. શ્રીએ તેના હિત માટે ઉપાય શોધ્યો, 'હે પુણ્યશાળી ! તું મારી પાસે રહે. માત્ર અભ્યાસ કરવાનો. દીક્ષા ભલે ન લઈશ.' ધર્મરાગી એ કબૂલ થયો. ભણાવતાં પૂ. શ્રીએ એવું વાત્સલ્ય આપ્યું કે દીક્ષા લીધી ! આજે પણ એ બાળસાધુ સંયમ સાધતા કહે છે કે ભૂલ થાય, ગુનો કરૂં, ત્યારે ગુરુદેવ ધમકાવે, મારે, પણ એમનું હૈયું વાત્સલ્ય નીતરતું ! ૨-૫ મિનિટમાં માતાની જેમ પ્રેમ આપે.

હે શાણા સુશ્રાવકો ! સમજ્યા ? તમારા બાળકો વગેરેને

માતાની જેવા પ્રેમ વાત્સલ્યથી એવાં રસ-તરબોળ કરો કે પછી એ પથ્થરમાંથી પણ તમે બેનમૂન સુંદર શિલ્પ ઘડી શકશો. સંતાનોને શ્રેષ્ઠ સંસ્કાર સિંચી કુળદીપક અને શાસનદીપક પણ બનાવી શકશો. પ્રેમ-વાત્સલ્યે શેતાનોને પણ સંત બનાવ્યા હોય એવા જૈન-અજૈન ઘણા પ્રસંગો બની ગયા છે. દિલને પથ્થર બનાવવાથી સ્વ-પરનું અહિત થાય છે. જ્યારે દિલને પ્રેમમય બનાવી બધાને પ્રેમ-અમૃતથી સીંચો તો સ્વ-પર હિત સધાય છે. જાતે અનુભવ કરી પ્રેમના મહિમાને ઓળખી સર્વને સુખી બનાવો એ જ મહેચ્છા.

જૈનો તત્ત્વસૃષ્ટિ કેળવે તો સર્વ જીવો પ્રત્યે મૈત્રી અને વાત્સલ્ય જરૂર જન્મે. કારણ કે શ્રી તીર્થંકરોએ બધા જ જીવોને સ્વરૂપથી અરિહંત જેવા કહ્યા છે.

## ૮. ધન્ય માતાપિતાઃ

**૧.** તાજા જન્મેલા બાળકને તે દિવસે ડોક્ટરે જરૂર પડે ખાંડનું પાણી આપવા કહ્યું. ધર્મી દાદીએ બાળકને સાંજે ઉપવાસ કરાવ્યો! લોકો બર્થ ડે એ અભક્ષ્ય વસ્તુઓ ખાય ને સેંકડોને ખવડાવે. જ્યારે **આ બાળકના પુણ્યથી દાદીએ જન્મ્યો તે જ દિવસે ઉપવાસ કરાવ્યો.** વાસણાના મધુભાઈનો આ પૌત્ર અત્યારે ૯ માસનો છે. તેનું નામ તો ભવ્ય છે જ, પુણ્યથી પણ ભવ્ય લાગે છે !

**૨.** હુબલીના ધર્મરાગી શ્રાવિકા સાચી માતા છે. તે પોતાના **સુપુત્ર કૃણાલને રોજ ફરજિયાત પાઠશાળામાં મોકલે.** પરીક્ષા આવી હોય તોપણ પાઠશાળા જવાનું જ. અધ્યાપકશ્રીને ચીઠ્ઠી લખી વહેલો મોકલવાનું જણાવે. માતાની કાળજીથી થોડા જ સમયમાં ૨ પ્રતિક્રમણ ભણી ગયો ! અત્યારે તો પાંચ

પ્રતિક્રમણ સંપૂર્ણ, ભક્તામર વગેરે ભણી ગયો છે. આજે ઘણાં બાળકોને ૧૦-૧૫ સૂત્ર પણ આવડતા નથી. કોનો વાંક ? માતાપિતાનો. સ્કૂલના લેશનની ચિંતા કરનારા માતાપિતા સંતાનોને સમજાવીને, ધમકાવીને પાઠશાળામાં મોકલે અને ઘરે ભણાવે તો સ્કૂલની જેમ ધાર્મિક પણ ઘણું ભણે.

## ૯. જૈન માતા પિતા

ગુજરાતના સુંદરભાઈનો **આ ખૂબ અનુમોદનીય પ્રસંગ વાંચી**ને તમારે બધાએ પણ શુભ સંકલ્પ કરવા જેવો છે. સોનોગ્રાફી પછી તેમની પત્ની સહિત બધાંને ડૉક્ટરે જણાવ્યું કે **ગર્ભમાં બેબી છે. વળી તે અપંગ જન્મશે.** જીવશે તો પણ વધુમાં વધુ ૨૦ વર્ષનું આયુષ્ય હશે. કદાચ માત્ર છ માસ જ જીવે. **માત્ર માથાનો વિકાસ થશે.** બાકીનું બધું શરીર જન્મેલા બાળક જેવું કાયમ રહેશે. દેખાવ રાક્ષસી જેવો હશે. આ વગેરે બધું સમજાવી **દબાણ કર્યું કે ગર્ભપાત કરાવી નાંખો,** નહીં તો એ છોકરી તમને બધાંને ખૂબ હેરાન કરશે.

ધર્મપ્રેમી ઘરના બધાએ વિચારીને ગર્ભપાત નહીં કરાવવાનો નિર્ણય કર્યો ! ખરેખર ડૉક્ટરનો રીપોર્ટ સાચો પડ્યો. રાક્ષસી બાળકી જન્મી. નામ વિરતિ પાડ્યું. શરીરમાંથી પરુ વગેરે નીકળ્યા જ કરે ! **ધર્મી કુટુંબીઓએ નક્કી કર્યું કે આને ખૂબ ધર્મ કરાવવો છે !** અને પુણ્યશાળી બનાવી દેવી છે. **મહિના પછી નવડાવી તરત પૂજા કરાવી !** માત્ર મૂળનાયકને અંગૂઠે ટીકી કરાવે. કારણ પરુ, રસી વારંવાર નીકળતા.

**બધાં તીર્થો અને આચાર્ય આદિ પૂજ્યોની યાત્રા અને વંદના આ બાળકીને કરાવવાં માંડ્યા ! પૂ. શ્રીને ઘરનાંએ વંદન કરાવીને કહ્યું,** કે થોડા સમયની આ મહેમાનને અમે સ્થાવર-

જંગમ તીર્થયાત્રા કરાવ્યા કરીએ છીએ. **અમને સૌથી વધુ આનંદ એ વાતનો છે કે ખૂબ દુઃખી આ જીવને અમે ભવ્ય બનાવી દીધો ! શાશ્વતા શત્રુંજયની યાત્રાએ લઈ જઈ પૂજા કરાવી.** શાસ્ત્રોમાં કહ્યું છે કે માત્ર ભવ્ય જ શત્રુંજયના દર્શન કરી શકે ! પાછલા કોઈ જન્મના ભયંકર પાપે એને ખૂબ દુઃખ આપ્યાં છે. પણ હવે એનું પુણ્ય વધે અને સદ્ગતિ મળે અને એનું આત્મહિત શીઘ્ર થાય એ માટે અમે ખૂબ મહેનત કરી અલ્પ સમયમાં ઘણો ધર્મ કરાવ્યો છે ! અને ૩ મહિને એનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું. ઘરનાંએ છેલ્લે તે વિરતિને બધું વોસિરાવવું વગેરે બધી અંતિમ આરાધના કરાવી !

આ બાળકી કેટલી ભાગ્યશાળી કે માબાપે ખૂબ ધર્મ કરાવ્યો. મારે ખાસ એ ધ્યાન દોરવું છે કે ઘણાં બધાં પાપો કરેલ **આ જીવે એવું કોઈ સુંદર પુણ્ય કર્યું હશે કે આ ગર્ભપાતના જમાનામાં આને આવા ધર્મી માતાપિતા મળ્યાં !** આવા વિલાસી ને સ્વાર્થી જમાનામાં પણ કુટુંબીઓએ સતત ત્રણ માસ એના આત્માની જ ચિંતા કરી !

આ વાંચી **તમે બધા નક્કી કરો કે અમારે અમારાં બધાં બાળકોને શક્ય એટલા ધર્મસંસ્કારો આપવા અને ધર્મ આરાધના કરાવવી જ છે.** તમારાં સંતાનો તો આના કરતાં અનેકગણાં પુણ્યશાળી છે. બાળપણમાં જે ધારો તે તમે કરાવી શકો. તેથી તમે ખૂબ ધર્મ કરાવી તેમનું અને તમારું ખૂબ આત્મહિત સાધો. આનાથી **તમને પણ એવું પુણ્ય બંધાય કે ભવોભવ તમને ધર્મી માતાપિતા મળે** અને જન્મથી જ ઉકાળેલું પાણી વગેરે ભાતભાતની ધર્મ સામગ્રી મળે !

## ૧૦. ઘર દેરાસરનો પ્રભાવ

**વાસણામાં દિનેશભાઈએ લગભગ ૨૦ વર્ષ પહેલાં પોતાના બંગલામાં પ્રભુજીને પધરાવ્યા.** ઘર-દેરાસર બનાવી પ્રભુજીને બિરાજમાન કર્યા. પ્રભુજીની પધરામણીને પ્રતાપે પૂ. આચાર્ય ભગવંતો વગેરે અવાર-નવાર ઘેર પધારે. પૂજ્યોના સંસર્ગથી ધર્મ વધવા માંડ્યો ! પરિવાર પણ આરાધનામાં આગળ વધવા માંડ્યો ! પછી તો પુણ્યોદયે ઘરથી પંદર ડગલાં દૂર જ સંઘનું શિખરબંધી દેરાસર બંધાઈ ગયું !

સુવિશુદ્ધસંયમી પ.પૂ. આચાર્યશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. તથા તપસ્વી સમ્રાટ પ.પૂ. આચાર્યશ્રી વિજય હિંમાશુસૂરીશ્વરજી મ.સા. આદિ અનેક મહાપુરુષો વારંવાર તેમના નિવાસસ્થાને પધારતા. તેથી યુવાન પુત્રો પણ ધર્મી બનવા માંડ્યા. **એંજિનિયર પુત્ર શ્રીપાલે વેવિશાળ પહેલાં કન્યા સાથે સ્પષ્ટ ખુલાસો કર્યો કે, ઘરમાં ટી.વી. નથી.** ભવિષ્યમાં આવવાની શક્યતા નથી. આવા કળિયુગમાં પણ **કન્યા સંસ્કારી હતી તેથી લગ્ન માટે સંમત થઈ** અને શ્રીપાલનાં લગ્ન થયાં ! **નાનો શ્રેણીક C.A. પાસ થયો.** નોકરીમાં શરૂઆતથી જ સાત હજારનો પગાર મળે છે. તેણે પણ વેવિશાળ પહેલાં જ આ ખુલાસો કર્યો. **તેને પણ બહુ સંસ્કારી કન્યા મળી ! બંને ભણેલાં યુવાન ભાઈઓ અત્યારે રાત્રિ-ભોજન કરતાં નથી !**

**આજના યુવાનોએ આ સત્ય ઘટના પરથી ધડો લેવો જોઈએ.** આ કાળમાં પિતાજીની નારાજી હોવા છતાં યુવાનો, પુત્રો ટી.વી. લાવે. પિતાજી વગેરે સામાયિક વગેરે આરાધના કરતાં હોય ત્યારે પણ પુત્રો મોટેથી ટી.વી. ચાલુ કરી ઉપકારી પૂજ્યોને પણ ધર્મમાં અંતરાય કરી અવિવેક કરી ગાઢ પાપ બાંધે છે. ઘરમાં

ઉપજતું ન હોય તેવા પુત્રો આવનારી પોતાની પત્નીને ખાનગીમાં કહે કે, 'તું ચિતા ન કરીશ. લગ્ન પછી ટી.વી. લાવીશ જ.' વહુ પણ લગ્ન પછી કાનભંભેરણી કરી પતિને જુદો કરાવી ટી.વી. લઈ આવે ! આવા જાતજાતના કિસ્સા આજે બને છે. ત્યારે **આ ધર્મી કુટુંબ આજે પણ ટી.વી. વગર જ સંપ, સંયમ અને પ્રેમથી કિલ્લોલ કરે છે !** ખૂબ ધનવાન છતાં આવા ટી.વી. વિનાના ઘર કેટલાં મળે ? **ધન્ય છેઆવા ધર્મપ્રેમીઓને !** હે હિતકાંક્ષી જૈનો, તમે પણ સપરિવાર સતત સાધુઓના સમાગમમાં રહી ભાવથી સુંદર આરાધના કરો અને પાપકર્મથી બચો.

## ૧૧. ધર્મના નિષેધના ભયંકર નુકશાન

મુંબઈવાસી એ યુવાનને પૂર્વ સાધનાના પ્રતાપે **દીક્ષાનું મન** થયું. ભાવના વધતી ગઈ પણ તેની **મમ્મીએ** મોહથી **ના પાડી.** હિંમત નહીં તેથી ઘરના દબાણથી એને લગ્ન કરવાં પડ્યાં. પપ્પા-મમ્મીની ઈચ્છા આ નાના પુત્ર સાથે રહેવાની હતી. પણ પુત્ર-વધુના સ્વભાવથી કંટાળી જઈ એને જુદો રહેવા મોકલવો પડ્યો અને તેઓ મોટા પુત્ર સાથે રહેવા લાગ્યા. આજે એ સુશ્રાવિકા **પશ્ચાતાપ કરે છે** કે આના કરતાં તો એને દીક્ષા આપી હોત તો ઘણું સારું થાત ! **વળી એની પત્ની પુત્રોને કંદમૂળ વગેરે ખવડાવે છે આવા કારણોથી પરસ્પર કલેશ થાય છે.**

તમારા પુણ્યથી તમારા પુત્ર-પુત્રીને દીક્ષા, તપ, વ્રત, શિબિર વગેરેની ભાવના થાય તો જરૂર હસતાં હસતાં રજા આપજો. બંનેનું કલ્યાણ થશે. સ્વાર્થ, મોહ વગેરેથી ના પાડશો તો અંતરાયના ભયંકર પાપો બંધાશે. દુરાચારો, કુશીલ, ટી.વી., સ્વચ્છંદપણું, રાત્રિભોજન, અનંતકાય વગેરેથી આલોક - પરલોકનું અહિત કરતાં પોતાનાં પુત્રોને ન રોકતા

માતાપિતાને સર્વનું હિત કરતા શ્રેષ્ઠ સંતાનોનો ધર્મભાવ નાશ કરી સંસારરાગી અને પશુ બનાવવા શું શોભે ? **દીક્ષા આપી હશે તો તમને સમાધિ વગેરે મળશે.** જેવું વાવશો તેવું લણશો. આગળ વધીને **દીકરા-દીકરીમાં યોગ્યતા દેખાય તો વિશેષ સંસ્કાર** અને પ્રેરણા આપી ચારિત્રના પરિણામ પેદા કરી સાધુ બનાવવા જોઈએ જેથી તમારા આત્માને ખૂબખૂબ લાભ થશે.

## ૧૨. શ્રાવિકાની પુત્ર માટે ભાવના

ખંભાતના શ્રાવિકા લખે છે, " મારા ૨ પુત્ર છે, બન્નેને ભાવના પેદા કરી સાધુ બનાવવા છે !!" છેવટે એવી ઝંખના છે કે એક તો દીક્ષા લે ! મારા પતિ ધર્મ કરતા નથી. તે દીક્ષા માટે અંતરાય ન કરે માટે મારે ધીરે ધીરે તેમને ધર્મી બનાવવા છે અને પ્રભુને આ માટે રોજ પ્રાર્થના કરું છું !! આ શ્રાવિકાએ સુપુત્રોને સાધુ બનાવવા ધાર્મિક સંસ્કાર ઘણા જ આપ્યા છે ! બન્નેને પાંચ પ્રતિક્રમણ કરાવી જીવ વિચાર, નવ તત્ત્વ વગેરે ભણાવે છે ! રોજ પાઠશાળામાં મોકલે ! ચોવિહાર, નવકારશી કરાવે. રોજ પૂજા અને રજાના દિવસે અષ્ટપ્રકારી પૂજા કરાવે. તમે જૈન તરીકે શુ ઇચ્છો ? સંતાનોને સાધુ કે શ્રાવક બનાવવા કે ડૉક્ટર બનાવવા ? એ નક્કી માનજો કે ધર્મી બનશે તો બધાને સુખી બનાવશે. ડૉક્ટર બનશે તો કદાચ બધાને રડાવશે. આ વાતનું ખૂબ જ ચિંતન કરજો અને સંતાન, તમે અને સર્વે સુખી કેમ બને તે શોધી કાઢજો.

ધર્મથી આલોક ઉપરાંત પરલોક વગેરેમાં પણ આત્મિક સુખશાંતિ અવશ્ય મળે છે !

## ૧૩. મારે ઉપવાસ કરવો જ છે

"મહારાજ સાહેબ ! આજે ઉપવાસ કરવો છે ! પહેલા

કદિ કર્યો નથી.'' મેં તે ટેણિયાને પૂછ્યું, '' વિનીત ! થશે ? પછી ભૂખ લાગશે તો ?'' વિનીતે કહ્યું, ''મ.સા. ! થશે જ. મારે કરવો છે.'' તેની મમ્મીએ કહ્યું કે હું વીશસ્થાનકના ઉપવાસ કરું છું. તેથી આને પણ ઉપવાસ કરવાનું મન થયું છે. એની દૃઢ ઇચ્છા અને તેની મમ્મી એ હા પાડી એટલે બોરીવલીના વિનીતને ઉપવાસ કરાવ્યો. સારો થઇ ગયો. જેમ સંસારી જીવોને બીજાના મોટર વગેરે જોઇ મન થઇ જાય છે એમ આજે કેટલાક ધર્મી મોટા અને બાળકોને પણ બીજાના તપ વગેરે જોઇ ધર્મ કરવાની ભાવના થાય છે !! સંસ્કાર અને ધર્મરૂચિથી પુણ્યશાળીને ઇચ્છા થતી હોય છે.

શક્તિ પ્રમાણે ધર્મ કરાવવો જોઇએ. ખોટું ડરવાની જરૂર નથી. બહુ નાનો હોય તો પહેલા એકાસણું, આંબેલ કરાવી પછી કરાવાય. બીજું, ઘણા મોટા એવા છે કે જેમણે કદિ આયંબિલ, ઉપવાસ કર્યા જ નથી. તેમણે વિચારવું કે તપ ધર્મના પ્રભુએ ઘણા ગુણગાન ગાયા છે. તેથી મારે કરવો જ જોઇએ. વળી, આજે તો ઘણા બાળકો પણ અઠ્ઠાઈ, ઓળી, ઉપધાન વગેરે કરે જ છે તો મારાથી કેમ ન થાય ? એમ હિંમત રાખી ટેવ પાડતા ઉપવાસ વગેરે યથાશક્તિ તપ બધાએ કરી પ્રભુએ ખુબ કરેલા તપ ધર્મની પણ સાધના કરવી જોઇએ.

## ૧૪. ગુરુભક્તિ

અમદાવાદના જે. ડી. મહેતા ઓપેરા પાસે રહે છે. સાધુને વંદન કરવાથી ખૂબ લાભ થાય, તે જાણીને અમદાવાદના જુદા જુદા ઉપાશ્રયે મહાત્માના દર્શન કરવા જાય છે. યાત્રા વગેરે માટે જાય ત્યારે પણ ડ્રાઇવરને તેમણે કહી રાખ્યું છે કે મુસાફરીમાં મહારાજ સાહેબને જુએ ત્યારે ગાડી ઊભી રાખજે. તું જેટલા સાધુ બતાવીશ

એટલા દસ રૂપિયા બક્ષીસ મળશે. જેમ પૂર્વે રાજાઓ, શ્રેષ્ઠીઓ ગુરૂ આગમનના સમાચાર આપનાર સેવકને આભૂષણો વગેરેનું દાન કરતા હતા. તેમ આ ગુરૂભક્ત ગુરુદર્શન કરાવનારને રાજી કરે છે. અગણિત લાભ કરનાર ગુરૂવંદન રોજ કરવાનો સંકલ્પ આપણે પણ કરીએ.

## ૧૫. સેવ (Save) શ્રાવકપણું

મુંબઈના ગુરુભક્ત ગોવિંદભાઈ ખોના ૫. પૂ. ગુરૂદેવ આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. મુંબઈમાં જ્યાં પણ હોય ત્યાં દરરોજ અવશ્ય સપરિવાર વંદન કરે. શેફાલીના પી. પી. શાહ વર્ષોથી રોજ ૫. પૂ. તપસ્વીસમ્રાટ આ. ભ. શ્રીમદ્ વિજય હિમાંશુસૂરીશ્વરજી મ. સા. અમદાવાદમાં જ્યાં પણ હોય ત્યાં ગુરૂવંદન કરવા જાય છે! ધરણીધર પાસેના સતીશભાઈ, વાસણાના મધુભાઈ આદિ ૫. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. અમદાવાદમાં જ્યાં પણ બિરાજમાન હોય ત્યાં જઈ રોજ વંદન અવશ્ય કરે છે! **ધન્ય છે આવા ગુરૂભક્તોને!** (દરરોજ દુકાને, નોકરી વગેરે સ્થળે આખી દુનિયા જાય, પણ પોતાની નજીક સાધુ મહારાજ હોય તેમને પણ વંદન રોજ કેટલા કરે?) શ્રી તીર્થંકરદેવોએ જેમ પ્રભુપૂજા શ્રાવકનું રોજનું કર્તવ્ય કહ્યું છે તેમ ગુરૂવંદન શ્રાવક માટે દૈનિક ધર્મ છે. આવા ખૂબ સહેલા કર્તવ્યને તમે બધા આચરો અને આવા સેંકડો ગુરૂભક્તોને ભાવથી વંદના ને તેમના આવા સુકૃત્યોની અનુમોદના કરો એ જ શુભેચ્છા. ટી.વી. જેમ સેવ વોટર (**Save Water**) ની ચેતવણી આપે છે એમ જ્ઞાનીઓ આપણને શ્રાવકપણાની રક્ષા કરવાની પ્રેરણા કરે છે.

## ૧૬. ગીરધરનગરની અફલાતુન ભક્તિ

એક સાધ્વીજી મ. ને બરોળની બીમારી હતી. પાંચ ઈંજેક્શન લેવા પડશે એમ ડૉક્ટરે તપાસીને કહ્યું. પાંચનો ખર્ચ ૭૦,૦૦૦ હતો. શ્રી **ગિરધરનગર સંઘે વિના વિલંબે કહી દીધું, 'જેટલો થાય તેટલો ભલે થાય. અમે લાભ લઈશું.' શ્રી ગીરધરનગર સંઘ સર્વે સમુદાયના સર્વે સાધુ-સાધ્વીજી મ.ની બીમારી આદિમાં બધી ભક્તિ કરે છે.** ત્યાં રહેવાની, દવા વગેરેની પણ વ્યવસ્થા કરી આપે છે. ગીરધનગરમાં ચત્રભુજ રાજસ્થાની હોસ્પિટલ સિવિલ પાસે બંધાઈ. તેના ટ્રસ્ટીઓ **કાયમ માટે જૈન સાધુ-સાધ્વીજીની ચિકિત્સા ફ્રી કરે તેવો કરાર કરી શ્રી સંઘે ૫ લાખ જેટલી માતબર રકમનું દાન હોસ્પિટલને કર્યું.** તે પછી મોંઘવારી ને ખર્ચો વધતાં હોસ્પિટલના ટ્રસ્ટીઓની વિનંતીથી બીજા છ લાખનું પણ જૈન સંઘે હોસ્પિટલને દાન આપ્યું ! એ બધા તથા બીજા પણ સાધુ સાધ્વીઓની ગોચરી-પાણી, આદિ બધી ભક્તિ શ્રી સંઘ સદા કરતો આવ્યો છે. **લગભગ બારે માસ મોટી સંખ્યામાં સાધ્વીજી ભગવંતો ત્યાં મુકામ કરે છે અને શ્રી સંઘ ઉદારતાથી બધો લાભ લે છે.**

આ વર્ષનું ચાતુર્માસ સંઘે પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. નું કરાવ્યું છે. સાથે વિદ્વાન મુનીશ્રી અભયશેખરવિજય ગણિશ્રીને ભણાવવા રાખ્યા છે. **લગભગ સવાસો સાધ્વીજીઓની તો અભ્યાસ આદિ માટે ત્યાં ચોમાસુ કરવાની ભાવના સંઘે ભક્તિથી પૂર્ણ કરી ! ઉપરાંત ત્યાંના પ્રમુખ શ્રી હીરાભાઈ આદિ પ. પૂ. ગચ્છાધિપતિશ્રીને વિનંતી કરે છે કે અભ્યાસ માટે હજી વધારે સાધ્વીજી ભગવંતોની ઈચ્છા હોય તો સંઘ તેમનો બધો લાભ લેવા તૈયાર છે !** ટ્રસ્ટીઓ

કહે છે કે સાહેબજી ! અમે સંઘ સમક્ષ વૈયાવચ્ચ, જીવદયા, સાધારણ આદિ કોઈપણ કાર્ય માટે ટહેલ મૂકીએ છીએ તો શ્રી સંઘ સદા ઉદારતાથી પૂરી કરે છે !

**વિશેષ અનુમોદનીય બાબત એ છે કે આખા સંઘમાં ઐક્ય છે !** ક્લેશ, મતભેદ ત્યાં નથી. **૨૦ જેટલા ભાવિકોની એવી ઉત્તમ ભાવના છે કે ૨૦ વર્ષ સુધી સામુદાયિક નવી૨ આરાધના કરવી. શ્રી શંખેશ્વરજીનો અને શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢ્યો.**

આવતા વર્ષે પાલીતાણામાં નવ્વાણુ યાત્રા કરાવવાની ભાવના ભાવે છે. લાખો ધન્યવાદ આવી સુંદર ભાવના વાળા સુશ્રાવકોને. સિદ્ધાચલજીનો સંઘ કાઢ્યો તેમાં અમે ૯ સાધુ હતા. **સંઘે મુકામ કર્યો તે ગામો ઉપરાંત આજુબાજુના બોટાદ વગેરે કેટલાક ગામોમાં મ.સા.ની સલાહ લઈ ઉદારતાથી સાધારણ ઈત્યાદિમાં લાખો રૂ. નો લાભ લીધો. રસ્તામાં પણ ચતુર્વિધ સંઘની ઉદારતાથી બધી ભક્તિ કરી.**

ગીરધરનગરની જેમ અમદાવાદ, મુંબઈ આદિના બીજા કેટલાક સંઘો સુંદર આરાધના કરે – કરાવે છે. સંઘો આમ જિનાજ્ઞા પાળતા, સકલ સંઘનું, સર્વ જીવોનું હિત સાધે એ જ મનોકામના.

## ૧૭. ગુરૂની તીથિ

ખંભાતના પ્રફુલ્લભાઈ વર્ષોથી અમદાવાદમાં રહે છે. પ.પૂ.સ્વ.આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના. ગુણો પ્રત્યે અનેરો આદરભાવ છે. તેથી તેમની સ્વર્ગવાસ - તિથિ વૈ.વ. અગિયારસના દિવસે લક્ષ્મીવર્ધક દેરાસરે ભક્તામરના આરાધકોને પ્રભાવના કરે છે! **આજે પોતાની પત્ની, પુત્ર, પિતાની તિથિની ઉજવણી હજારો કરે છે. પણ ગુરૂની તિથિ પ્રભાવના વગેરેથી ઉજવનાર આવા વિરલ ગુરૂભક્તોને લાખો ધન્યવાદ!**

## ૧૮. સાધુના આશીર્વાદનો ચમત્કાર

બરલૂટ ગામની આ સત્ય ઘટના છે. સાધુ મહારાજ ત્યાં રહેલા. વર્ષો પહેલા દરજીને ટી.બી. થર્ડ સ્ટેજનો થઇ ગયો ત્યારે તેની કોઇ દવા ન હતી. તેની પત્ની પણ નાસી ગઇ. એ મહારાજશ્રીના પગમાં પડીને રડવા લાગ્યો. મહારાજશ્રીએ પૂછતાં તેણે બધુ દુઃખ કહ્યું. તેમણે દયાથી આશીર્વાદ આપ્યાઃ "સારું થઇ જશે." સાધુના આશીર્વાદમાં અચિંત્ય શક્તિ હોય છે. **વગર દવાએ દરજીને ટી.બી. મટી ગયો ! પછી ઘણાં વર્ષ જીવ્યો.**

નગરશેઠે મહારાજશ્રીને બધાની વચ્ચે ફજેત કરવા પ્રયત્ન કર્યો. મ. શ્રીનું દિલ ખૂબ ઘવાયું. શેઠે દેવાળું ફૂક્યું ! હે પુણ્યશાળીઓ ! સાધુ-સાધ્વીની થાય તેટલી ભક્તિ કરવી. તેમને દુઃખી તો ક્યારેય ન કરવા.

શંખલપુર, કોજરા, પેશવા વગેરે ઘણાં ગામોના ઘણાં લોકોને આમ સાધુના આશિષથી ઘણાં લાભ થયા.

સાધુના વંદન, ભક્તિથી તાત્કાલિક લાભ કદાચ ન મળે. પણ તે પુણ્ય જ્યારે ઉદયમાં આવે ત્યારે અદ્‌ભૂત લાભ થાય જ. તેથી આત્મહિતેચ્છુએ અવશ્ય ગુરુવંદન, ભક્તિ આદિ રોજ ખૂબ કરવા. **અરિહંત ભગવાન પાસે જન્મ, સદ્‌બુદ્ધિ, વિશિષ્ટ જ્ઞાન, ઉત્તમ આચારોની પ્રાપ્તિ વગેરે અઢળક ફાયદા જરૂર થાય.** સાધુને વંદન, ભક્તિ વગેરેને બદલે નિંદા કરનારને વિશેષ પાપ, દુઃખ દુરાચારીપણું વગેરે અશુભ ફળો મળે છે. રસ્તામાં પણ મળે ત્યારે મત્થએણ વંદામિ કરવા, શાતા - કાર્યસેવા પૂછવા.

## ૧૯. ગુરુદેવોની તિથિ ઉજવો

ઝીંઝુવાડાના **પ. પૂ. આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વર મ.** ની પ્રત્યે ગામને એટલો બધો આદર છે કે તેમની સ્વર્ગવાસ તિથિએ દર વર્ષે ગામ વર્ષોથી રજા પાળે છે ! અને **તે દિવસે તેમના ગુણાનુવાદ વ્યાખ્યાનમાં થાય છે !** મ.સા. ન હોય તો ગુણાનુવાદ શ્રાવક કરે. તમે પણ પૂજ્યોના દીક્ષા વગેરે દિવસો ભાવથી ઉજવી તપ, દાન વગેરે કરી ભવોભવ સદ્ગુરુ મળે તેવું પુણ્ય ઉપાર્જો એ શુભેચ્છા. પત્ની વગેરેની તિથિ બધા ઊજવે. તમે નક્કી કરો કે સાધુ-સાધ્વીની તિથિની ઉજવણીમાં આપણે જવું, ગુણાનુવાદ કરવા, સાંભળવા વગેરેથી આપણને ઘણા લાભ થાય. ઘણા ગુણ પ્રાપ્ત થાય.

## ૨૦. ગુરુવંદને ગુરૂ બનાવ્યા

**"કૃષ્ણ મહારાજાએ ૧૮૦૦૦ સાધુવંદનથી નરક નિવારી", આ વાત સાંભળી એક સુશ્રાવકે નક્કી કર્યું કે ચારિત્ર મોહનીય ખપાવવા મારે ૧૮૦૦૦ સાધુને વંદન કરવું !** અને ઘણા ઉપાશ્રયે બધા સાધુને વંદન કરવા માંડ્યું ! ડાયરીમાં નોંધ કરે. અજાયબી એ થઈ કે **૧૮૦૦૦ સાધુને વંદન થયાં અને ચારિત્ર મોહનીય નાઠું. દીક્ષા મળી !** ચારિત્ર મોહનીયનો ખાતમો બોલાવનાર આ ગુરૂવંદન તમે રોજ સર્વ સાધુઓને કરો એ શુભેચ્છા.

જિનપૂજાની જેમ ગુરૂવંદન દરરોજ દરેક શ્રાવકે કરવું જોઇએ. વિશેષમાં ઉપાશ્રય પાસેથી નીકળવાનું થાય ત્યારે પણ ગુરૂવંદન કરવું જોઇએ અને જ્યારે પણ **સાધુ-સાધ્વીજી મળે ત્યારે હાથ જોડવા જોઇએ.**

ઉપાશ્રયમાં વંદન કરવા જાય ને બીજા અપરિચિત મહારાજ હોય તો ઘણાં વંદન કર્યા વગર પાછા જાય છે. તેને બદલે તમે બધા નિર્ણય કરો કે ભલે આપણા પરિચિત **મહાત્મા ત્યાં ન હોય તો પણ જે સાધુ ત્યાં બિરાજમાન હોય તેમના વંદનનો લાભ આપણે ગુમાવવો નથી.**

## ૨૧. યાત્રામાં સુપાત્રદાન !

બાળ મુનિને વિહારમાં ઉનાળામાં ખૂબ તરસ લાગી હતી. લીધેલું પાણી ખલાસ થઇ ગયું હતું. ગુરૂજી સમજાવી વિહારમાં આગળ ચલાવતા હતા. પણ થોડી વાર પછી થાકીને તરસ સહન ન થવાથી બેસી ગયાં. પાણી પાણી કરવા લાગ્યા. બધા સાધુ મુંઝાઈ ગયા કે હવે શું કરવું ? ત્યારે એક જીપ પસાર થતી હતી. હાથ બતાવ્યો. ઉભી રહી વાત કરી કે પુણ્યશાળી ! આ બાળમુનિની દીક્ષા હમણાં થઇ છે. ખુબ તરસ લાગી છે. નજીક ગામમાંથી ઉકાળેલા પાણીની જરૂર છે. જીપવાળા કહે "મહારાજશ્રી! અમે જૈન છીએ. અમારી પાસે જ ઉકાળેલું પાણી છે ! લાભ આપો." આ ભાગ્યશાળીને બાળમુનિનો આવો મોટો લાભ મળી ગયો ! આ જાણી વડોદરાના એક બહેને નિર્ણય કર્યો કે યાત્રા પ્રવાસમાં હું કાયમ પાણી સાથે રાખીશ ! અને રસ્તામાં મળે તે સાધુ-સાધ્વી ભગવંતોને વિનંતી કરીશ. અચાનક મને કદાચ લાભ મળી જાય. વિહારમાં ઘણી વાર અમને સાધુઓને માઇલો સુધી માર્ગમાં પગે ચાલતો એકે માણસ મળતો નથી. ગમડિયા પણ હવે બસ વગેરેમાં જ જાય છે. રસ્તો ભૂલા પડ્યાં હોય તો પણ વિહારમાં વંદન કરનાર શ્રાવક પાસે રસ્તો સાધુને જાણવા મળે ! સાધ્વીજી આદિને વિહારમાં દુર્જનો વગેરેનો ભય અચાનક આવી ગયો હોય તો આમ પૂછવાથી

તેમના રક્ષણ વગેરે વિશિષ્ટ મોટો લાભ મળી જાય !!

એકસુશ્રાવક પાલીતાણા યાત્રા માટે આવેલા રસ્તામાં જેટલા સાધુ-સાધ્વી મળે તે બધાને વંદન કરે. ને ખપ માટે પૂછીને જરૂર હોય તેમની ભક્તિ કરે !! થોડા વર્ષો પહેલાં ઘણાં શ્રાવકો પાલીતાણામાં બધાં ઉપાશ્રયે બધાં સાધુ સાધ્વીને વહોરાવવાનો લાભ લેતા ! આજે આત્મહિતાર્થીઓએ એટલો તો સહેલો લાભ લેવો કે બધાંને 'મત્થએણ વંદામિ' કહી ખપ હોય તો પૂછી સુપાત્ર–દાન કરવું.

## ૨૨. આ કાળના આદર્શ સુશ્રાવક

એ સુશ્રાવકનું નામ હિંમતભાઇ બેડાવાળા. મુંબઇ વાલકેશ્વરમાં હતા. ખૂબ ઉંચા આરાધક તરીકે એમને ઘણાં બધા જાણે છે. તેમની ધર્મદ્રઢતાના કેટલાક પ્રસંગ જોઇએ. ૪-૫ વર્ષ પહેલા મહારાષ્ટ્રમાં અહમદનગર ગામે એ સિદ્ધચક્રપૂજન ભણાવવા ગયેલા. મુંબઇથી કોલ આવ્યો કે હમણાં જ પાછા આવો. તમારા ધર્મપત્ની સીરીયસ છે. છતાં આ ધર્મશ્રદ્ધાળુ કહે છે કે સિદ્ધચક્રપૂજન છોડીને ન જવાય. ભાવિ જે હશે તે થશે. વળી આ પ્રભુભક્તિથી જ તેને સારું થઇ જવું જોઇએ. એમણે તો ભાવથી પૂજન ભણાવ્યું. ત્યાં ખરેખર પત્ની સારી થઇ ગઇ !

રોજ કાઉસ્સગ્ગ આદિ ઘણી આરાધના કરતા. લગભગ છ વિગઇ ત્યાગ, પાંચથી વધુ દ્રવ્ય ન વાપરવા વગેરે ઘણી સુંદર આરાધના ઘણાં વર્ષોથી ચાલુ હતી ! ઘણાં કહે છે કે આ હિંમતભાઇ સાધુ જેવું જીવન જીવી રહ્યાં છે. હે ભાગ્યશાળીઓ ! કરોડો રુપિયા હોવા છતાં જો આવું ઉત્તમ જીવન જીવતા હોય તો તમે મનને દ્રઢ કરી યથાશક્તિ ધર્મ આરાધના કરો. આવા ધર્મીને આપત્તિમાં દૈવી સહાય મળે છે. અનંત પુણ્યે મળેલા આવા ધર્મને ઓળખી, આરાધી, આત્મસુખ પામો એ જ શુભેચ્છા.

## ૨૩. દ્રઢ ધર્મી સુશ્રાવક

રતિભાઇ જીવણદાસ ધર્મમાં ખૂબ શ્રદ્ધાળુ હતા. તે વઢવાણના હતા. ચુસ્ત શ્રાવક હતા. જિનપૂજા રોજ કરે. તેમને માથાનું ઓપરેશન કરાવવું પડે તેમ હતું. ડોક્ટરે કહ્યું કે સંપૂર્ણ આરામ કરવો પડશે. રતિભાઇ કહે, "કરીશ પણ માત્ર પૂજાની છૂટ આપો." ડોક્ટર : "છૂટ ન અપાય. હલનચલનથી ટાંકા તૂટી જાય ને તમને ખૂબ હેરાનગતી થાય." રતિભાઇ : "ગમે તે થાય પણ મારા ભગવાનની પૂજા કર્યા વિના મને ચેન ન પડે." ડોક્ટરો પરસ્પર ઇંગ્લીશમાં વાતો કરે છે,"આ જિદ્દી છે. વેદિયા છે. આપણે એમને એનેસ્થિસિયા આપીશું. તેથી ઘેનમાં રહેશે ને કાંઇ ઉપાધિ નહીં થાય." રતિલાલ ધોતિયું પહેરે. તેથી ડોક્ટરોને લાગ્યું કે એમને ઇંગ્લીશ આવડતું નહી હોય. પણ રતિભાઇ ઇંગ્લીશ જાણે. ડોક્ટરોની વાત સમજી ગયા. ઓપરેશન વખતે એનેસ્થિસિયા લેવાની ના પાડી દીધી. ડોક્ટરે દબાણ કર્યું. પણ રતિભાઇ કહે,"હું ચૂં કે ચા નહીં કરુ. બધી વેદના સહન કરીશ." ઓપરેશન થયું. બીજે દિવસે નર્સને પૈસાની બક્ષીસ આપી પૂજા માટે રજા માંગી. નર્સે રજા ન આપી. રતિભાઇ પાછલી બારીથી ઊતરવા ગયા. ગભરાઇને નર્સે કોઇને ન કહેવાની શરતે રજા આપી. આમ બીજે દિવસે પૂજા કરી. ડોક્ટર કહે,"કેમ રતિભાઇ ? પૂજા કરી હોત તો કેટલા રીબાત ? આવું ગાંડપણ ન કરવું જોઇએ." રતિભાઇ કહે : "ડૉક્ટર ! પૂજા સવારે કરી છે. મારા ભગવાનની પૂજાથી જ બચ્યો છું. ટાંકા પણ તૂટ્યા નથી. પ્રભુકૃપાથી જ બધું સારું થાય. ધર્મ કરવાની કદી કોઇને ના ન પાડવી...." રતિભાઇનું દૃઢધર્મીપણું કેવું અનુમોદનીય ?

તમારે પણ અનંત ફળ આપનારી જિનપૂજા વગેરે ધર્મ

રોજ કરવો જોઇએ. તમને તો રતિભાઇ જેવી બીમારી નથી. તો અનંત કલ્યાણ કરનારી અતિ આવશ્યક એવી પૂજા શા માટે ન કરવી ? ધન્યવાદ ઘટે આવા સુશ્રાવકોને! તમે જિનપૂજા રોજ કરો એ શુભેચ્છા.

એ જ રતિભાઇનો બીજો એક સુંદર પ્રસંગ. એમની સુપુત્રીના લગ્ન હતા. જાન ઘરે આવવાની હતી. અણધારી આફતથી રસ્તામાં સમય બગડવાથી ઘરે જાન આવી ત્યારે સૂર્યાસ્તની થોડી જ વાર હતી. રતિભાઇએ વેવાઇ પક્ષને કહ્યું કે તમે જાણો છો કે રાત્રે હું ખાતો નથી અને કોઇને ખવરાવતો નથી. ચા તૈયાર કરાવી દીધી છે. બધા ચા-નાસ્તો જલદી કરી લો. રાત્રિભોજનનું પાપ કોઇને પણ હું કરવા નહીં દઉં. સગાસ્નેહી સમજાવવા માંડ્યા કે રતિભાઇ ! દીકરીના લગ્નનો પ્રસંગ છે. આટલી કડકાઇ ન ચાલે... પણ રતિભાઇએ મક્કમતાથી સૂર્યાસ્ત પછી કોઇને જમાડ્યા નહીં! ધર્મનો કેવો દૃઢ પ્રેમ !

આ રતિભાઇ ઇંદોરના હુકમીચંદજીનો માલ લાવી વેપાર કરે. હુકમીચંદજી કરોડપતિ. તેમને વઢવાણમાં એક પ્રસંગે આવવાનું હતું. રતિભાઇએ પોતાને ત્યાં જ ઊતરવાની વિનંતી કરી. સાથે કહ્યું કે શેઠજી! સૂર્યાસ્ત પછી હું કોઇને પાણી પણ પીવરાવતો નથી. વિમાન લેટ થવાથી વઢવાણમાં સૂર્યાસ્ત પછી એ આવ્યા. રતિભાઇએ જમાડવાની ના પાડી. ભાઇઓ વગેરેએ ખૂબ દબાણ કર્યું કે શેઠ ગુસ્સે થશે. માલ નહીં આપે. માટે એકવાર એમને ખવડાવી દો. ન માન્યા. કહે, "ભલે ધંધો બંધ કરવો પડે પણ હું રાત્રિભોજન નહીં કરાવું" હુકમીચંદજી કહે કે રતિભાઇ ! લવિંગ તો આપો. (તેમને લવિંગની આદત હતી) રતિભાઇ કહે કે શેઠજી ! માફ કરો, રાત્રે કશું પણ મારાથી નહી

અપાય. મારો આત્મા ના પાડે છે. રાત્રે જાહેરસભામાં રતિભાઈ વગેરે બધા ખૂબ ચિંતામાં હતા કે શેઠ જરુર ખૂબ નિંદા કરશે... પણ હુકમીચંદજીએ તો રતિભાઈને જાહેર સભામાં પાસે બોલાવી ખૂબ ધન્યવાદ આપ્યા !

આવા પ્રસંગો જાણીને તમારે રાત્રિભોજન વગેરે ભયંકર પાપોને તિલાંજલિ આપવાનો દ્રઢ નિશ્ચય કરવો જોઈએ. સત્ત્વશાળી ધર્મપ્રેમી જીવો ધર્મમાં સાહસ કરે, ભલેને દુઃખોના પહાડ તૂટી પડે. આપણે પણ આવા વિરલ દ્રઢ ધર્મીઓની હદયથી અનુમોદના કરવાનો મહાન લાભ લેવો, પણ નિંદા તો કદી ન કરવી.

## ૨૪. સામાયિક રાગ

ગુરુદેવ ! ૧ વર્ષનો સામાયિકનો નિયમ આપો અને જેટલા દિવસ ન પળાય તેટલા દિવસ ૧૦૦૦૦ રૂપિયા ધર્મમાં વાપરવા ! થોડાક જ વર્ષો પહેલાં આવો નિયમ માંગનાર સુશ્રાવક સુરતના કરોડપતિ છે. મનમાં નિશ્ચય કર્યો કે શ્રાવકે એક સામાયિક તો કરવું જ જોઈએ. આગલે વર્ષે દંડ સો સો રુપિયાનો રાખેલો. પરંતુ હીરાના ધંધાના કારણે એન્ટવર્પ વગેરે દેશોમાં જવું પડે. ઘણીવાર તો પ્લેનમાંથી વચ્ચેના દેશોમાં ઊતરીને પણ સામાયિકનો નિયમ પાળ્યો ! છતાં પ્રતિકૂળ સંજોગોને કારણે કેટલાક દિવસ પડ્યા. આવો ખુલાસો કરીને તેમણે કહ્યું કે, સાહેબ ! હવે દંડ મોટો રાખવો છે. જેથી એક પણ દિવસ મારો સામાયિક વગરનો ન જાય. તેથી દસ હજારનો દંડ રાખું છું. આવા ધર્મપ્રેમી આજના સુશ્રાવકોને લાખ લાખ ધન્યવાદ ! હે ભવ્યો ! આ વાંચીને તમે પણ મહાન સામાયિકની આરાધના યથાશક્તિ કરવાનો સંકલ્પ કરો. તમને ઘણાંને તો સામાયિક કરવામાં ખાસ મુશ્કેલી પણ નથી.

## ૨૫. સુશ્રાવકના મનોરથ

રજનીભાઇ દેવડી શ્રેણિકભાઇને કહે કે શેઠ શ્રી! શત્રુંજય પર ચૌમુખજીની ટુંકના શિખરો પરનાં કળશો સોનાનાં કરાવવાં છે. શેઠે રજનીભાઇને કારણ પૂછતાં કહ્યું કે એ સુંદર કળશોના બધા યાત્રાળુ દૂરથી દર્શન કરે છે. એ સોનાનાં હોય તો દર્શન કરનારના ભાવ ખૂબ વધે. તેથી મને પણ લાભ મળે ! કેવી ઉત્તમ ભાવના ? હે હિતેચ્છુઓ ! તમે પણ શુભ ભાવોને પ્રગટાવો.

## ૨૬. ધર્મદૃઢ સુશ્રાવિકા

ધર્મપ્રેમી એ શ્રાવિકાએ બીજા ગર્ભાધાન પ્રસંગે નિર્ણય કર્યો કે **મારા એક પુત્રને સાધુ બનાવીશ!** પછી તો એ માતાએ ૨-૨ **પુત્રોને શાસનને સમર્પી દીધા!** મુંબઇના એ બહેનના બીજા અનેક પ્રસંગો આપણને ખૂબ પ્રેરણા કરે તેવા છે. એ ધર્માત્માએ પરણીને સાસરે ગયા પછી કંદમૂળ ખાતા કાકાજી વગેરેને કહેલું કે તમારું એંઠું પવાલુ માટલામાં ન નાખવું. **આટલી મારી વિનંતી નહીં સ્વીકારાય તો આ ઘરનો ત્યાગ કરીશ.** સંયુક્ત કુટુંબમા એકે મજાકમાં એક વાર એંઠું પવાલુ ઘડામાં નાખ્યું. દૃઢધર્મી એ શ્રાવિકા તરત જ ઘરની બહાર નીકળી ગઇ! પુણ્યોદયે સરળ પતિએ જૂદું ઘર લીધું. પુત્રોને કહેલું કે આ **ઘરમાં ટી.વી. આવશે તો ગૃહત્યાગ કરી દઈશ.** એક દીકરાએ ઘરમાં ટી.વી. લાવતા તે જ મિનિટે ઘરની નીચે ઊતરી ગયા! **મમ્મીની ધર્મદ્રઢતા જોઇ સુપુત્રે ટી.વી.ને ઘરમાંથી રવાના કરી દીધું !**

**આ કલિકાળમાં પણ જિનશાસન કેવું જયવંતુ છે કે આવી અનેક શ્રાવિકા સુંદર આરાધના કરે છે અને કુટુંબ પાસે કરાવે છે!** તમે પણ સ્વયં આરાધના યથાશક્તિ કરો અને સંતાનો અને સ્વામિનાથને ધર્મમાં જોડો, સંસ્કારો ને સદ્‌બુદ્ધિ આપો અને સાચા શ્રાવક બનાવો એ શુભેચ્છા.

## ૨૭. અનેકવિધ તપ

સુરતના સુશ્રાવક મહેન્દ્રભાઈ ઝવેરીએ અનેક પ્રકારના ઘોર તપ કરી કુટુંબીઓને તપ-પ્રેમી બનાવ્યા છે. **જાપાનમાં છ એ અઠ્ઠાઈ પર્વમાં અઠ્ઠાઈ કરી !** લગભગ ૩૪ **વર્ષ પર્યુષણમાં અઠ્ઠાઈ કરી!** ૧૯૯૪ માં **જીવનભર રાત્રી ભોજન અને કાચા-પાણીના ત્યાગની પ્રતિજ્ઞા સ્વીકારી !** ત્યારથી બધા ચોમાસા શત્રુંજયમાં જ કર્યા. શુભ પરિણામપૂર્વક ૧૨ વ્રત, ત્રણે ઉપધાન, સંથારામાં સૂવું, માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણીતપ આદિ અનેકવિધ આરાધનાથી અનંતી નિર્જરા સાધી. એમની આરાધનાથી ધર્મરાગી બનેલા એમના ધર્મ પત્ની, ભાઇ, બહેન આદિએ પણ અઠ્ઠાઇ, ૧૨ વ્રત આદિ આરાધના કરી!

## ૨૮. બહુમાનથી ભાગે !

રાધનપુર ધર્મપુરી છે. તેણે ઘણાં સુસાધુ અને સુશ્રાવકોની જિનશાસનને ભેટ ધરી છે. ત્યાં **કમરશીભાઈ નામના ધર્મરાગી સુશ્રાવક હતા.** પાટણના શ્રેષ્ઠી નગીનદાસ કરમચંદે ઠાઠમાઠથી મોટો સંઘ કાઢેલ. તેની બધી વ્યવસ્થા કમરશીભાઈને સોંપેલી. ખૂબ સુંદર વ્યવસ્થાથી સંઘવીની કીર્તિ ખૂબ વધી. નગીનભાઈએ તેમનું બહુમાન કરવા ઘણીવાર પ્રયત્ન કર્યો. પણ ખબર પડતાં કમરશીભાઈ છૂ થઈ જાય ! છેવટે કમરશીભાઈના ઘેર પુત્રના લગ્ન હતા એ નિમિત્તે પોતાની હોંશ પૂરી કરવા નગીનભાઈ પહેરામણીના બહાને આવ્યા. નિસ્પૃહી કમરશીભાઈ તેમને કહે, **"આપ તો હવે સંઘવી થયા, આપને લગ્ન જેવા આવા પાપના પ્રસંગોમાં હાજર કેમ રહેવાય ?....." આમ શેઠને રવાના કરી દીધા ! કેવા નિઃસ્પૃહી !!**

એક વાર દેરાસરમાં પૂજા હતી. ગવૈયો પેટી વગાડવા

ખુરશી પર બેઠો. ત્યારે પગ-વાજાપેટી હતી. પૂજામાં મ.સા. જમીન પર બેઠા હતા, કમરશીભાઈ સાધુ પ્રત્યે આદરવાળા, આ અવિનય એમને યોગ્ય ન લાગ્યો. ફરી આવું ન થાય માટે વિચારી ઉપાય શોધી કાઢ્યો. ગવૈયાની બેઠક સામે પેટી જેટલો ઊંડો ખાડો ખોદાવ્યો ! પૂજા થાય ત્યારે **પેટી ખાડામાં મૂકી પૂજા ભણાવવાની અને ગવૈયાએ જમીન પર બેસીને જ પૂજા ભણાવવાની !** ધર્મમાં કેવા ચુસ્ત ? પૂજ્યો પ્રત્યે અનહદ અહોભાવ !!!

એમનાં માતુશ્રી અંતિમ અવસ્થા વખતે કહે, 'મારા દાગીના તારી ધર્મપત્નીને આપજે.' આ ધર્મપ્રેમી પુત્રે માતાજીને આદરથી કહ્યું, : ધર્મમાં દાન કરી મહાન લાભ તું લઈ લે ! તારી વહુને તો પછી પણ હું ક્યારે કરાવી શકીશ.' ઘરેણાં લગભગ ૫૦ તોલાના હતા. માતાજી સમજી ગયા. ઘરેણાં સુકૃતોમાં વાપર્યા. ઘણા જૈનો પણ વડિલો મિલકત પોતાને જ આપે એવી ઈચ્છાવાળા હોય છે જ્યારે આ સાચા ધર્મી સુશ્રાવકે **પોતાને સામેથી મળતા દાગીનાનો ત્યાગ કરી માતાજીના આત્માના હિતનો વિચાર કર્યો !** કેવા નિર્લોભી ! પત્નીને દાગીના વિના ચાલે પણ માતાનું અંતિમ સમયે હિત ન થાય એ કેમ નભાવાય ? આવી શ્રેષ્ઠ ભાવના હતી.

## ૨૯. શાસનરાગી સુશ્રાવક

૨૩ વર્ષ પહેલાં સુશ્રાવક રતિભાઈ જીવણલાલનો શાસનરાગ જોઈ ખૂબ અનુમોદના કરું છું. વઢવાણમાં મારુ ચોમાસું હતું. એક દિવસ સવારે અજવાળું થયા પછી પડિલેહણ કરતો હતો. વઢવાણનો ઉપાશ્રય અંધારિયો છે. અંદર અંધારૂં હોવાથી અજવાળા માટે પડિલેહણ ઉપાશ્રયના દ્વાર પાસે પગથિયે કરતો હતો. એટલામાં તે વંદન કરવા આવ્યા ! પડિલેહણ કરતો

જોઈ મને પૂછે : 'કોણ છો ? શું કરો છો ?' હું તેમને ઓળખું નહીં. મને થયું કે આ કોઈ પંચાતિયા શ્રાવક હશે. પડિલેહણ કરતાં બોલવું ન હતું. થોડી વારે પાછા આવી મને પૂછ્યું. પછી કહે, મ.સા. ! **આવો આચારપ્રેમ ઘણાં જીવોને લાભ કરે.** મારો અનુભવ આપને કહું. એક વાર સ્નેહી સાથે જતો હતો. રસ્તામાં જતા મ.સા. ને જોઈ સાથેના ભાઈએ વંદન કર્યું. મ.સા. ના ગયા પછી મેં એ ભાઈને પૂછ્યું, 'તમે કદી હાથ પણ ન જોડો. અને આમને વંદન કર્યું ?' ત્યારે તેમણે આપેલો જવાબ મારા હૈયામાં કોતરાઈ ગયો. જવાબ આ હતો. 'રતિભાઈ ! તમે જોયું નહીં કે **નીચે જોવાપૂર્વક સુસાધુની જેમ વિહાર કરતાં આ મહાત્મા ચાલતા હતા. એમની વિશુદ્ધ સંયમચર્યા જોઈ મને દિલમાં અંત્યત આદર પેદા થઈ ગયો.**' આ સાંભળી રતિભાઈને થયું કે આચારોની શિથિલતાથી સાધુથી દૂર ભાગતા આવા ધર્મપ્રેમી આત્માઓને આચારદૃઢ સાધુઓને જોઈ કેટલો બધો લાભ થાય છે. તેમને સાંભળી મને પશ્ચાતાપ થયો કે મેં આ શાસનરાગી સુશ્રાવકને પંચાતિયા કલ્પ્યા. આ રતિભાઈને શાસન હૈયામાં કેવું વસી ગયેલું કે વધુને વધુ જીવો શાસનરાગી બને એવું ઇચ્છતા હતા ! નાના અને અજાણ્યા એવી મારી પણ એક નાની ક્રિયામાં થોડી વિધિ જોઈ તો તેમને ખૂબ આનંદ થયો ! હે કલ્યાણકામી ભવ્યો ! તમે પણ ક્યાંય પણ જિનાજ્ઞાપાલન વગેરે જોઈને આનંદ પામશો તો અનુમોદના વગેરેનો ઘણો લાભ થશે.

## ૩૦. અજૈન પણ જૈન આચારમાં અડગ

વીરમગામ પાસે લગભગ ૧૫ કિ.મી. દૂર ટ્રેન્ટ નામનું ગામ છે. ત્યાં લાલુભાઈ રહે. બીડીઓનું ભારે વ્યસન. જાતના

રજપૂત. એક વાર બીડી પીતા હતા અને પ.પૂ. મહાયશસાગર મ.સાહેબે તેના ત્યાગની પ્રેરણા કરી. હળુકર્મી જીવ. તેથી **આત્મહિતની વાત ગમી.** સ્વીકારી, પછી અવારનવાર મ.સા. ના દર્શને જાય. તે અજૈન છતાં તેમની **યોગ્યતા જોઈ મ.સા. ધર્મની પ્રેરણા કરે.** એમ સત્સંગથી નવકારવાળી, સામાયિક, ચોવિહાર, ૬૪ પ્રહરી પૌષધ વગેરે આરાધના કરતા થઈ ગયા ! (આ વાંચી તમને તમારા ભારે કર્મીપણાનું દુઃખ થાય છે ?) નાના ગામના આ અજૈનને એકવાર એક સાધુ મળ્યા ને આટલી બધી આરાધના કરી. તમને બારે માસ ને ઘણીવાર **વિદ્વાન, વક્તા, સંયમી મહાત્માઓ મળે છે. તમે આરાધના કેટલી વધારી ? ખામી ક્યાં ?** ૪, ૬ જણને એક જ સ્કુટર પર બેસાડી સ્કુટરનો કસ કાઢનાર અમદાવાદવાસી પુણ્યથી મળેલ જિનશાસનનો લાભ લે ? અર્થાત્ વધુ આરાધના કરવાનો મોકો મળે ત્યાં વધાવી લે ?

આ લાલુભાઈને સગાસંબંધી રજપૂતોના લગ્ન વગેરેમાં જવું પડે. **બધા રાત્રે જમે. આમને પણ સગાસ્નેહી દબાણ કરે. ચોખ્ખી ના પાડે !** રજપૂતો કહે કે આ તો વાણિયો જ થઈ ગયો છે. છતાં લાલુભાઈ ચોવિહારના નિયમમાં મક્કમ રહે.

નવકાર પર દૃઢ શ્રદ્ધા. રોજ ગણે. એમને ગામલોકો અને બાજુના ગામના ભગત કહે. કોઈને કંઈ મુશ્કેલી આવે તો આ બાપુ ભગત પાસે આવે. એક વાર એક જણને રાત્રે પાણી પીતાં લોટામાં રહેલ વીંછીએ તાળવે ડંખ દીધો. ખૂબ સોજો આવ્યો. મોઢું ખૂલે જ નહીં.

લાલુભાઈ પાસે લાવ્યા. ધર્મશ્રદ્ધાળુ એમણે **નવકાર ગણી પાણી નાં ટીપાં મોમાં નાંખ્યા.** થોડું ખૂલ્યું. વધુ પાણી મંત્રીને પાડ્યું. **સારૂં થઈ ગયું !** આમ ઘણાંના ઘણા રોગ શ્રદ્ધાબળથી નવકારથી મટાડે.

એક વાર સામાયિકમાં બેઠેલા. ૪-૫ મિનિટની વાર હતી. મોટો **સાપ આવ્યો. પણ સામાયિક ભાંગવાના ડરથી ખસ્યા નહીં !** ફેણ ડોલાવી સાપ અદશ્ય થઈ ગયો !

અજૈનો સ્વસમાજ સામે પડી તથા આપત્તિમાં પણ જૈન ધર્મ પાલનમાં દઢ રહે છે. તો તમારે જૈનોએ તો નાની મુશ્કેલીઓમાં કંદમૂળ ત્યાગ વગેરે પાયાના આચારો પાળવા ન જોઈએ ?

## ૩૧. જિનાજ્ઞાપાલક બનો

અરૂણ સોસાયટી (અમદાવાદ)માં દેરાસર સામે પાણી વહોરવા ગયો. કેટલા વાગે ઉતાર્યું છે? એમ મેં પૂછતાં શ્રાવિકાએ કહ્યું. 'સાહેબ ! અત્યારે તો ચોમાસું નથી. ૨ કાળ નથી. પછી આવું કેમ પૂછો છો ?' મેં ખુલાસો કર્યોઃ 'હે પુણ્યશાળી! શિયાળામાં પાણીનો ૪ પ્રહરનો કાળ હોય. તેથી સૂર્યોદયથી વહેલા ઉતાર્યું હોય તો સૂર્યાસ્ત પહેલાં કાળ પૂરો થઇ જાય. સચિત્ત થઇ જાય...' જિનાજ્ઞારાગી તે બહેને આ સાંભળતાં જ કહ્યુંઃ 'સાહેબજી! આપે જણાવ્યું તે સારૂં કર્યું. છેલ્લે કલાક વપરાય તે માટે થોડું પાણી નવું ઉકાળી લઇશ. તેથી ઉકાળેલ પાણી પીવાનો નિયમ મારો ન ભાંગે...' વર્ષોથી પાણી પીનારને **પોતાની ભૂલ ખબર પડી તે દિવસથી નિયમ-પાલનની જાગૃતિ કેળવી !**

ધન્યવાદ આવા સાચા ધર્મપ્રેમીને. તમે પણ સાચું જાણી આચરણમાં મૂકી અનંત કલ્યાણકર જિનાજ્ઞાના રાગી બનો.

## ૩૨. પરદેશમાં પણ પ્રતિક્રમણ

મુંબઇના એ ધર્મશ્રદ્ધાળુ લક્ષ્મીચંદભાઈ ધંધા વગેરે માટે

પરદેશ જાય ત્યારે પણ પ્રતિક્રમણ ન છોડે ! કાયમ પ્રતિક્રમણ કરે ! ચીન વગેરેમાં A.C. વાળી હોટલોમાં ઊતરે ત્યારે પ્રતિક્રમણ ન છોડવું પડે માટે ધાબળો ઓઢીને કરે ! **સ્ટેશન વગેરે પર રોકાવું પડ્યું હોય ત્યારે પણ પંખા, લાઈટ, વગેરે વચ્ચે ભર ઉનાળામાં પ્રતિક્રમણ કરવું પડે તો ધાબળો ઓઢીને કરે !** મુંબઈવાસી આ ધર્મી જીવના બીજા અનેક ગુણો જાણવા અને આદરવા જેવા છે. સુંદર પુસ્તકો ૫-૨૫ લાવી ઘણાંને ભેટ આપી વાંચન કરાવી અનેકને ધર્મી બનાવે છે !

## ૩૩. ધર્મ પરભવમાં જરૂર સાથે આવે

ભદ્ર પરિણામવાળા એ **કોલેજિયનને વાંચવાનો ખૂબ શોખ.** ધાર્મિક પુસ્તકો પણ વાંચે. મિથ્યાત્વ મંદ પડ્યું હશે. તેથી વાંચતા આત્મા, **ધર્મ, સંસાર બધું અંશે અંશે ઓળખાયું !** ધર્મ જ તારક છે, શ્રેષ્ઠ છે.... કરવા જેવો ધર્મ જ છે **એવી વિશુદ્ધ બુદ્ધિ થઈ,** જૈન કુળના આચાર અનુસાર પર્યુષણમાં એક - બે કલાક વ્યાખ્યાન સાંભળે. એ સાંભળતાં ધર્મ સાચો છે તેવી શ્રદ્ધા વધે અને સાંભળતા આનંદ પામે. પૂરું સાંભળવાનું મન થાય છતાં મિત્રો સાથે વચ્ચેથી ઉઠી જવુ પડે. **ધર્મ કરવાના ઘણાં ભાવ થાય પણ મિત્રોની મશ્કરીથી બચવા કશું ન કરે.** વિધિનો પ્રેમ એવો કે જાણ્યા પછી તેને થાય કે પ્રતિક્રમણમાં ચરવળો રાખવો જ જોઈએ. તેથી પર્યુષણ વગેરેમાં **પ્રતિક્રમણ કરે ત્યારે ચરવળો લઈ જાય.** પણ કોઈ મશ્કરી ન કરે માટે થેલીમાં સંતાડીને લઈ જાય.

ગ્રેજ્યુએટ થયા પછી ઉંમરને કારણે **લગ્નનું દબાણ થવા માંડ્યું. દીક્ષા લેવાય તો બહું સારું એમ મનમાં થાય.** નિર્ણય નહીં કરું તો લગ્ન થઈ જશે, તો પછી દીક્ષા નહીં મળે એમ વિચારી **ધર્મ વધારવા માંડ્યો** ! ધર્મી શ્રાવકની સોબત વધારી

**વ્યાખ્યાન - ધાર્મિક અભ્યાસ અને ૪-૬ સામાયિક રોજ કરવા માંડ્યો.** સાધુ ભગંવતોનો પરિચય વધાર્યો. દીક્ષાની ભાવના પ્રબળ બનતી ગઈ. પૂર્વ સાધનાના પ્રભાવે ધર્મ ક્રિયાની રુચિ વધતી ગઈ. **ત્રિકાળ પૂજા કરે.**

પાપ-ભીરુતાને કારણે રાત્રે લાઇટોમાં જવાથી તેઉકાયની અમાપ **હિંસાથી બચવા તેને રાત્રે ક્યાંય જવાનું મન ન થાય !** કાળવેળા એ ખુલ્લામાં કે લાઇટમાં જવું પડે તો તેને થાય કે સાધુની જેમ કામળી ઓઢીને જવું જોઇએ જેથી ઘણા પાપથી બચાય ! ઈર્યાસમિતિનું પાલન, મુહપત્તિનો ઉપયોગ, વાતે-વાતે જયણા એ બધું એને ખૂબ ગમે. **તિથિએ પૌષધ કરે.** એમ આગળ વધતાં વધતા ખુબ પુરુષાર્થથી એને **છેવટે દીક્ષા પણ મળી.** સગાઓએ પણ એની મક્કમતા જોઇ રાજીખુશીથી મહોત્સવપૂર્વક દીક્ષા અપાવી.

મહત્વની વાત એ છે કે પાછલા જન્મમાં સંસ્કાર પડે તેવો ભાવથી ધર્મ કર્યો હશે કે જેના પ્રભાવે આ ભવમાં **આવા કાળમાં** સત્સંગના અભાવમાં પણ **સહજપણે ધર્મ--પુસ્તકોનું વાંચન,** આરાધના, વિધિ વગેરેની રુચિ જાગી **! વળી ધર્મની દૃઢ શ્રદ્ધા જલ્દી થઈ ગઈ ! ખૂબ પુરુષાર્થ કરીને દીક્ષા પણ મેળવી.** એમ તમે પણ ધર્મક્રિયા, ધર્મવાંચન, પ્રવચન-શ્રવણ, સુશ્રાવકો ને સાધુઓનો સત્સંગ, જયણા, પાપભય, ક્રિયારુચિ, જિનાજ્ઞા-બહુમાન વગેરે ગુણો આ ભવમાં એવા આત્મસાત્ કરો કે સાનુબંધ થયેલા તે સદ્ગુણો પરભવમાં સાથે આવે અને ત્યાં પણ ધર્મ-આરાધના અને ગુણો ખૂબ ખૂબ વિકાસ પામે. એમ ભવોભવ આત્મગુણો વધતાં જાય અને શીઘ્ર શિવ - સુખ મળે. વળી **દીક્ષા વગેરેનો જેને ભાવ થાય તેણે હિંમત અને ખંતથી**

ઉદ્યમ કર્યા જ કરવો. તો એ અવશ્ય આવી પરમ તારક પારમેશ્વરી પ્રવ્રજ્યા પામે.

## ૩૪. ધૈર્યથી પરિવારને ધર્મી બનાવ્યો

ઉષાબહેનમાં બાળપણથી માતા પિતાએ ધર્મના સુસંસ્કાર સિંચેલા. પિતા ધર્મ કરવાથી પ્રતિષ્ઠિત હતા. સુખી હતા. માતા પિતા ગરીબોને ઘણી મદદ કરે. પુત્રીના લગ્ન ધર્મી માતાપિતાએ ખાનદાન કુળમાં કર્યાં. જો કે સાસરૂ ખૂબ ગરીબ. બધા સાસરિયાનો સ્વભાવ ખૂબ સારો. પણ ધર્મમાં પૂરા અજ્ઞાન. પર્યુષણમાં પણ દર્શન ન કરે. વ્યાખ્યાન ન સાંભળે. કંદમૂળ ખાય.

ઉષાએ પ્રથમ પર્યુષણમાં પ્રવચન, પ્રભુ દર્શન કરવાની ભાવના જણાવી. ઘરના એ રજા ન આપી. તેને થયું સંવત્સરી પ્રતિક્રમણ કરવું જોઇએ. પતિને કહ્યું, ''ચાલો, પ્રતિક્રમણ કરવા જઇએ.'' પતિ કહે, ''ચાલ ! તને લઇ જાઉં'' એમ કહી ટોકિઝ પર લઇ ગયા.

ઉષાની ભાવના ઘણી. પણ સાસરું ધર્મ રહિત. તેથી ચૂપ થઇ ગઇ. એમ ૧૪ વર્ષના વહાણા વાયા. અવસરે સમજાવતા કંદમુળનો સાસરીવાળાએ પર્વતિથિઓએ ત્યાગ કર્યો. પ્રતિક્રમણ કરવા જવાની છૂટ આપી. જો કે પતિ કરે નહીં. ઉષાનો પુત્ર ૧૨ વર્ષનો થયો. માતાપિતાના સંસ્કારોથી ૧૨ વર્ષની ઉંમરે ઉષાએ ૧૬ ઉપવાસ કરેલા. તે વિચારી તેણે પુત્રને પ્રેરણા કરી, ''બેટા ! મેં તો ૧૬ ઉપવાસ કરેલા. શું તુ અઠ્ઠાઈ ન કરી શકે ?'' વાત્સલ્યમય મમ્મીના કહેવાથી બાબાએ બે ઉપવાસ કર્યા. ઘેર પધારેલા મહાત્માએ જાણીને કહ્યું, ''તમારા બાબાને અઠ્ઠાઈ જરૂર થઇ જશે.'' પુત્રનો પણ ઉલ્લાસ વધ્યો. અઠ્ઠાઈ સુંદર રીતે પુત્રે પુરી કરી.! બાબાની અઠ્ઠાઈથી પતિ પણ ધર્મ તરફ વળતા

ગયા.! ધર્મભાવ વધતા અને સાધુ મહાત્માના પરિચયમાં આવતા પતિદેવ ધર્મમાં આગળ વધી પૂજા, નવકારશી, ચોવિહાર, ઉકાળેલુ પાણી, કંદમુળ-ત્યાગ, ગુરૂભક્તિ, ક્યારેક પ્રતિક્રમણ આદિ આરાધના કરી રહ્યા છે. ઉષાબહેન તો ખુશખુશાલ છે.

## ૩૫. ઘર—દેરાસરથી કરોડપતિ

વડોદરામાં અલકાપુરીમાં રહેતી એક જૈન કન્યાએ પટેલ સાથે પ્રેમલગ્ન કર્યા. પણ શરત કરેલી કે હું મારો જૈન ધર્મ પાળીશ. યુવતીને નિયમ કે વાપરતા પહેલાં દર્શન કરવા. નિયમ પાળતી. પણ સાસરિયાઓની નારાજગી અને ઘરના કામમાં દર્શન કરવામાં મુશ્કેલી પડતી. આ જોઇ પટેલ પતિએ શ્રી મહાવીરસ્વામી ભગવાન ઘરે પધરાવ્યા ! બ્હેનને નિયમ પાળવામાં ઘણી સુવિધા થવાથી ખુશ ખુશ થઇ ગયા. નિયમ સારી રીતે પાળતા. હવે તો રોજ પૂજા કરવા મળી ! ખૂબ ભાવથી પૂજા કરે છે !

ધર્મ પ્રભાવે મધ્યમ સ્થિતિવાળા સાસરે પૈસો વધવા માંડ્યો. થોડા વખતમાં કરોડપતિ થઇ ગયા ! પટેલ સાસરિયાઓ પણ આશ્ચર્યથી ધર્મ—શ્રધ્ધાળુ બની ગયાં ! પહેલાં ધર્મની ના પાડતાં તેનો ખૂબ પશ્ચાતાપ થયો. તેઓ પણ જૈન ધર્મ પાળવા લાગ્યા ! અને ધર્મમાં ધન વાપરવા લાગ્યા ! અલકાપુરીમાં શ્રી સંઘે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું દહેરાસર બંધાવ્યું તેમાં શ્રી મૂળનાયક ભગવાનની તેમના પતિએ રૂા. ૭ લાખની ઉછામણી બોલી પ્રતિષ્ઠા કરી ! બીજા પણ ધર્મકાર્યોમાં ઘણાં રૂપિયાનો સદ્વ્યય કરે છે.

હે જૈનો ! આ પ્રસંગમાંથી હિતની ૨ વાતો ધ્યાનમાં

રાખજો. યુવતિ પર-નાતમાં પરણી તો પણ સ્વધર્મમાં દઢ રહી. તમારો તો પૂરો પરિવાર જૈન છે. તમારે યથાશક્તિ પૂજા વગેરે બધો ધર્મ કરવો જ જોઇએ. બીજું, પટેલ પતિ પણ જો પત્નીને રાજી રાખવા પ્રભુને ઘરે પધરાવે છે ! તો તમારે પણ નક્કી કરવું જોઇએ કે જૈન શ્રાવક તરીકે મારે સકલ પરિવારને બધો ધર્મ કરવાની સગવડતા અનુકૂળતા કરી આપવી.

## ૩૬. ડૉ. ખાનનું જૈનપણું

પર્વાધિરાજ પર્યુષણમાં ૯૩માં ડૉક્ટર ખાનને ૧૬ ઉપવાસની ભાવના થઇ. એમને વિચાર આવ્યો કે જૈનો માસખમણ કરે છે તો મારાથી ૧૬ ઉપવાસ કેમ ન થાય ? ડૉક્ટરે સાબરમતી ઉપાશ્રયે મહારાજશ્રીને વાત કરી. મહારાજ સાહેબે ઉપાશ્રયમાં જ ૧૬ દિવસ રહેવા આગ્રહ કર્યો. ડૉક્ટરે સ્વીકાર્યું. પાંચમે દિવસે પત્નીએ ઉપાશ્રયે આવી કહ્યું, ‘‘આપણી જેનીફર ખૂબ બિમાર પડી ગઇ છે. હોસ્પિટલમાં દાખલ કરી છે....’’ ખાને કહ્યું, ‘‘ હું ઘરે નહીં આવી શકું. તમે સારવાર કરાવો. ધર્મ પ્રભાવે સારૂં થઇ જશે.’’ પત્ની પાછી ગઇ. આઠમે દિવસે આવી પત્નીએ કહ્યું, ‘‘ હમણાં જ સાથે ચાલો. જેનીફર સીરીયસ છે. સિવિલના ડૉક્ટરોએ આશા છોડી દીધી છે.’’ ખાને દઢ બની પત્નીને કહ્યું, ‘‘તમે મારી કસોટી ન કરો. હુ મારી સાધના નહીં છોડું....!’’ પત્ની ખૂબ રડી. ડૉક્ટર મક્કમ રહ્યા. છેવટે તે જતી રહી.

મહારાજશ્રીને આ બધી વાત કોઇએ કરી. ડૉક્ટરને બોલાવી મ.શ્રીએ કહ્યું,‘‘તમને માત્ર ઉપવાસ કરાવ્યા છે. પૌષધ નહીં. તમે ઘેર જઇ શકો છો. વળી તમારી પુત્રી પણ સીરીયસ છે.’’ છતાં ખાન કહે, ‘‘હું ધર્મમાં દઢ છું. મારે ઘેર

જવું નથી" મહારાજશ્રીએ પણ પરિસ્થિતિની ગંભીરતા સમજી ડૉક્ટરને સમજાવ્યા કે તમે એક વાર ઘરે જાવ. પછી ભલે પાછા આવજો. ડૉક્ટરે કહ્યું, "કોઈને શંકા પડે કે હું ઘરે કાંઇ ખાઈને આવ્યો હોઇશ. માટે ઘરે જવું નથી." મહાત્મા અને શ્રાવકો એ આશ્વાસન આપ્યું કે, "અમને પૂર્ણ વિશ્વાસ છે. તમે ખુશીથી ઘરે જાવ." ડૉક્ટર સીધી સિવિલ જઇ સુપુત્રીની પાસે જઇ ૩ નવકાર ગણી માથે હાથ ફેરવી બોલ્યા, " બેટી ! મારી કસોટી ન કર. આંખ ખોલ જોઉં !"

૨ દિવસ થી બેભાન દિકરીએ આંખો ખોલી !!! પાણી માંગ્યું. પાણી મંગાવી નવકારથી મંત્રી પાયું. ડૉક્ટરોને બોલાવી ચેક કરાવતા ડૉક્ટર ચકિત થઇ ગયા. જેનીફરને સારું થઇ ગયેલું !! ખાને ઘરે જઇ પુત્રને ઉપાશ્રયે મૂકી જવા કહ્યું. પુત્ર સ્કૂટર પર મુકી ગયો. ખાત્રી માટે આ રેકર્ડ સીવીલમાં તપાસી શકો છો !

ડૉક્ટર ખાન ૨૦ વર્ષ પહેલા પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબને મિત્ર સાથે મળવા ગયેલા. ત્યારે પરિચયથી લાખોપતિ, અભિમાની ડૉકટરને ગુરૂદેવે યુક્તિથી હિંસા છોડાવેલી. પોલ્ટ્રી ફાર્મ, માંસાહાર છોડાવ્યા. પછી તો નવકાર શીખ્યા. જૈન બન્યા. દર રવિવારે સામાયિક પણ કરતાં ! ઇદના દિવસે તેઓ જૈન તીર્થની યાત્રા કરે છે. રાત્રિ ભોજનનો ત્યાગ, ઉકાળેલુ પાણી પીવુ વગેરે પણ ધર્મ કરતાં ! ખાન પ્રાર્થના કરે છે કે મેં સ્વીકારેલો ધર્મ દઢતાથી પાળતો રહું એવા આશીર્વાદ આપો."

અજૈન પણ આચાર્યશ્રીના સંગથી આવા જૈન બની જાય તો

હે જૈનો ! તમે આતમાને પવિત્ર બનાવવા, આચારથી જૈન બનવા આચાર્યો વગેરેનો સત્સંગ, ભક્તિ અને આશીર્વાદ મેળવો.

## ૩૭. ચિંતનનો ચમત્કાર !

ગુજરાતના સરલાબહેને આ પુસ્તક ધ્યાનથી વાંચતા પોતાના પૂર્વ પાપોનો પશ્ચાતાપ કરી આત્મહિત સાધ્યું. અપંગ બાળકોને તેના માતા પિતાએ કરાવેલ ધર્મ આરાધના જાણી પોતે કરેલ પાપ યાદ આવવાથી દુઃખ થયું. ડૉક્ટરે કહેલ કે બાલગર્ભની હત્યા એ પાપ નથી તેથી અજ્ઞાનતાવશ તે પાપ તેમનાથી થઇ ગયું. હવે ખ્યાલ આવી ગયો. તેથી આ પાપની ભયંકરતા સમજી આલોચના લઇ પોતાના આત્માને શુધ્ધ કરે છે. સાથે આ પુસ્તક વાંચી તેમણે સામાયિક, તિવિહાર, બ્રહ્મચર્ય વગેરે આરાધના કરવાનો સંકલ્પ કર્યો !

આપણી વાત એ છે કે આજે આવા ઘણાં સુંદર ધાર્મિક પુસ્તકો બહાર પડે છે. વાંચવા ખાતર પાના ફેરવી જશો તો વિશેષ લાભ નહીં થાય. પણ ટી.વી. ની જેમ એકાગ્રતાથી વાંચવા સાથે ચિંતન કરવાથી અને યથાશક્તિ નાના, મોટા સંકલ્પ કરવાથી ઘણાં બધાં લાભ તમે પામશો.

## ૩૮. શીલરક્ષા

કેટલાક વર્ષો પહેલાની વાત છે. ડૉક્ટર હતા મૂળ પાલનપુરના. યુવાન વય, રુપાળા. વધુ ભણવા ઈંગ્લેન્ડ ગયા. ડિગ્રી મેળવી. મોટી હોસ્પીટલમાં સારી નોકરી મળી. પોતાની ડ્યુટી મુજબ એક રાત્રે રાઉન્ડ લગાવી પોતાની રુમમાં આવ્યા. ડોક્ટરને ખબર નહિ ને પાછળથી એક રૂપવતી નર્સે રુમમાં આવી બારણાં અંદરથી બંધ કર્યાં. યુવતીએ મીઠી વાતો કરવા માંડી. પછી કામના

હાવભાવ શરુ કર્યા. પછી તો ઉપરના વસ્ત્રો ઉતારવા માંડી. સમજાવવા જતાં બૂમાબૂમ કરી બેઆબરુ કદાચ કરે એમ વિચારી ડૉક્ટરે બારી ખોલી નવકાર ગણતાં નીચે ભૂસકો માર્યો. ડૉક્ટર બચી ગયા. આજે પણ એ ડો. શીલરક્ષાનો પ્રસંગ યાદ કરીને આનંદિત બની જાય છે. કુશીલ સેવનારને તો જીંદગીભર પાપડંખ ખૂબ દુઃખી કરે છે. પછી તો આ ડૉક્ટર અમદાવાદ વગેરે શહેરમાં રહેતા હતા. ધન્ય હો શીલપ્રેમને. ખૂબ ધન્યવાદ !

## ૩૯. શીલરક્ષા માટે પતિનો ત્યાગ

જિનશાસનના ગૌરવભૂત શીલપ્રેમી એ યુવતી આજે પણ ગુજરાતની ભૂમિને પાવન કરી રહી છે. આ સુશ્રાવિકા અમારા સમુદાયના એક મહાત્માના સગા થાય છે. લગ્નના થોડા સમય પછી આ બહેન પતિને સંસ્કારી ભાષામાં કહે છે કે, દુકાને તમારા ગયા પછી આજે પિતાજી રસોડામાં આવી હસતા હતા. અશિષ્ટ ચાળા કરતા હતા... સમજાવીને આ બંધ કરાવો.

પતિએ જવાબમાં કહ્યું કે તું ડરીશ નહિ, પરણીને તાજી આવેલ તને એકલવાયું ન લાગે તે માટે પિતાજી આમ કરે છે. પછી પણ ૩-૪ દિવસ અશિષ્ટ વર્તન વધતાં વારંવાર ફરિયાદ કરી. ત્યારે પતિએ કહ્યું કે જો ! વર્ષો પહેલાં મા મરી ગઈ છે. પિતાજી નિરસ જીવન જીવી રહ્યા છે. એમને આનંદ આપવા તારે બધુ કરી છૂટવું. મારી તને સંમતિ છે ! હોશિયાર એવી આ શીલસંપન્ન યુવતી પોતાની નારાજી છૂપાવી પોતાની પથારીમાં સૂવા ગઈ. ઊંઘ આવતી નથી. શીલનાશના જ્ઞાનીઓએ કહેલાં અપરંપાર દુઃખો વિચારતી એ પતિ અને સસરાના સૂઈ ગયા પછી ઘરેથી નીકળી પિયર પહોંચી ગઈ. અચાનક આવેલ પુત્રીને જોઈ માતા-પિતાએ ઘણાં પ્રશ્ન પૂછ્યા. તેણે જવાબમાં કહ્યું કે હમણાં

આપણાં ઘરે જ રહેવાની છું. નોકરી શોધી લઈશ. તેથી આપને ભારરૂપ નહીં બનું. સદાચારથી જીવીશ. અત્યારે વધુ ન પૂછતા. પિયરમાં રહી. શિક્ષિકાની નોકરી મળી ગઈ. પતિએ અવારનવાર પત્રો લખી તેડાવી. ન ગઈ. રૂબરૂ તેડવા આવ્યા પણ ન માની. લગભગ ૧૮ વર્ષ બાદ પતિ જાતે લેવા આવ્યા. ઘણી કાકલૂદી કરી. ન સ્વીકાર્યું, આખરે પતિએ કહ્યું કે પિતાજી તો દેવલોક થઈ ગયા છે. હવે એ ભય નથી. ત્યારે પતિના પરિચિત બે સંબંધીને વચમાં રાખી સાસરે ગઈ. તાજુ લગ્ન, યુવાન વય, પતિસુખ છોડીને નોકરી કરીને પણ શીલભંગ ન જ કર્યો !!! શીલસુગંધને અનુમોદતી એ આજે પણ માનવભવ મસ્તીથી સફળ કરી રહી છે ! લાખો ધન્યવાદ હો આવી વર્તમાન સતીઓને. તમે પણ શીલની રક્ષા કરો એ શુભાભિલાષા.

## ૪૦. શીલ માટે સાહસ

એક યુવતી રૂપવતી હતી. હાલ ગુજરાતમાં રહે છે. શીલનો પ્રેમ ઘણો. પરણ્યા પછી થોડા દિવસો બાદ દંપતી પતિના મિત્રને ઘેર ગયા. વાતો કર્યા પછી તેમનો પતિ અને પતિના મિત્રની પત્ની બહાનું કાઢી બહાર ગયા. પતિમિત્રે અશિષ્ટ વાતો આરંભી. અડપલા કરવા ગયો કે યુવતી બહાર જવા માંડી. પતિ મિત્રે બારણા વાસી પગ પકડી તેને રોકી દીધી. શીલરક્ષા માટે આ યુવતીએ માયા કરવી પડી. પેલો વિશ્વાસમાં આવતાં લાગ મળતાં તે ભાગી છૂટી ! પત્નીની અદલાબદલીથી બન્ને વિલાસી પતિ ભોગનો આનંદ મેળવવા ઇચ્છે છે એ વાત તે સમજી ગઇ. દેરાસરે જઇ હર્ષના આંસુથી યુવતીએ પ્રભુનો ઉપકાર માન્યો ! પછી તો પતિને પણ મક્કમતાપૂર્વક શીલનું મહત્ત્વ સમજાવી દીધું. પતિની સામે થઇ શીલરક્ષા કરતી સતીઓની પ્રશંસા જેટલી કરીએ એટલી ઓછી.

## ૪૧. પુત્ર મોત છતાં ચોથું વ્રત

આપણે એમને સૂર્યમતિબહેન કહીશું. એમની ઉમર ૩૨ વર્ષની. પોતે સરકારી ગેઝેટેડ કક્ષાના અધિકારીના પત્ની. એમનો એકનો એક ચાર વર્ષનો પુત્ર ટૂંકી બીમારીમાં જ સ્વર્ગવાસી બન્યો.

સંસારની ભયંકરતા, વસ્તુની અનિત્યતા, અશરણતા આદિની વાતો એમણે સદ્‌ગુરુઓની પાસેથી સાંભળી હતી, વાંચી હતી. પુત્રમૃત્યુ બાદ એમને હાથ જોડીને પોતાના શ્રાવક પતિને વાત કરી,“આપણે હવે કટુવિપાકવાળા સંસારભોગથી સર્યું ! તમો સંમત થાવ તો હવે આપણે બીજો પુત્ર પણ જોઈતો નથી અને સંસારભોગ પણ જોઈતા નથી. આપણે હવે સુગુરુના મુખે ભગવંત સમક્ષ ચોથું વ્રત લઈ લઈએ તો કેમ?”

એમના પતિ તુરત તો આ વાત સ્વીકારવા તૈયાર ન થયા. પણ બહુ જ ટૂંકા સમયમાં એ બન્ને પતિ-પત્ની સદ્‌ગુરુની અંગત પ્રેરણાથી ચતુર્થ વ્રતધારી બન્યા...

સંસારમાં રહીને પણ એ યુવાન પતિ-પત્નીએ બ્રહ્મચર્ય વ્રત સુંદર રીતે પાલન કર્યું. પોતાના પતિને ઘરની ચાવી આપવાની હોય તો પણ એ બ્હેન કદાપિ અડીને નહોતા આપતા. પણ દૂરથી જ અડક્યા વગર આપે. સાથે એક જ ઘરમાં રહેવા છતાં એ કદાપિ એક જ રૂમમાં સુતા નથી ! એટલું જ નહિ રાતના પોતાના રૂમને એ અંદરથી બંધ કરી સુઈ જતા!

આજે પણ એ દેશવિરતિપણું પાલન કરી રહ્યા છે. ધન્ય જિનશાસન જયાં આવા સ્ત્રીરત્નો મળતાં રહે છે.

## ૪૨. બ્રહ્મચર્યનો પ્રેમ

બેંગલોરના જતીનભાઇ. યુવાન વય, સફારી બેગ કંપનીના એજન્ટ તથા તે જ કંપનીમાં મોટી પોસ્ટ. પણ લગ્નની ઇચ્છા બિલકુલ નહી ! માતુશ્રીની માંદગીને કારણે એક કન્યા સાથે લગ્ન કરવા પડ્યા. લગ્ન પહેલાં તે કન્યાને પોતાની ભાવના વગેરે જણાવી. પીક્ચરો જોતી એ કોડીલી કન્યાએ આવી મુશ્કેલ વાત પણ વધાવી લીધી ! કેવું આશ્ચર્ય ! લગ્ન કરવા અને બ્રહ્મચર્ય પણ પાળવું ! મૈથુન સંજ્ઞાને કારણે ઘણાં જીવો કેવા કેવા ભયંકર દુષ્કાર્યો કરે છે ૧૦ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળ્યું. જ્ઞાનીઓ આપણને કહે છે. જેઓ બ્રહ્મચર્ય પાળે એ અડધા સાધુ જેવા ગણાય. જતીનભાઇના ભાવ વધતાં દીક્ષા પણ સજોડે લીધી ! આજે જ્ઞાન-અભ્યાસ, નિર્દોષ સયંમપાલન વગેરે સુંદર આરાધના કરે છે. બંનેમાં બીજા પણ ઘણાં ગુણો છે. એમને ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ.

આ અને આવા બીજા બ્રહ્મચર્યના પ્રસંગો જાણી તમે પણ મન મક્કમ કરી દ્રઢ સંકલ્પ કરો અને યથાશક્તિ નીચેના ગુણ લાવવા ખૂબ ઉદ્યમ કરો. જાવજ્જીવ બ્રહ્મચર્ય, પરસ્ત્રીગમન ત્યાગ, સ્વસ્ત્રી વિષે વધુ ન બને તો પણ પર્વ દિવસો, ૧૨ તિથિ કે ૫ તિથિ બ્રહ્મચર્ય પાલન તથા જાવજ્જીવ અનંગક્રિડા ત્યાગ વગેરે. વળી આવા પાપવિચારોના કારણભૂત વીડિયો, ટી.વી., સિનેમા, અશ્લીલ વાંચન અને વાતો વગેરે ત્યાગ. આવા આ ભવના સુસંસ્કારોથી આત્માને એવો સુંદર બનાવો કે જલદી આત્મહિત થાય એ જ શુભાભિલાષા.

## ૪૩. નૂતન પરિણિતનું પરાક્રમ

**લગ્નની પ્રથમ રાત્રિ** આખી એ અનોખા આત્માએ **પત્ની સાથે સામાયિકમાં સફળ કરી !!!** એ અલગારી ધર્મીને ચારિત્રનો ઉલ્લાસ ન હતો, છતાં વિચારે છે કે અમારાં સાધુ-સાધ્વીજી જિંદગીભર બ્રહ્મચર્ય પાળે છે. તો મારે પણ શક્ય એટલું કેમ ન પાળવું ? આ સત્ય ઘટના ચોથા આરાની નથી પણ અત્યારની જ છે. તેમણે પત્નીને દિલની વાત કરી. પુણ્ય પણ પ્રબળ કે પત્નીએ મધુરજની સામાયિકથી ઉજવવાની સહમતી આપી ! અજ્ઞાની અને વિલાસી માનવોની રાતો અનંતા ચીકણા પાપ બાંધવામાં જાય છે. જ્યારે **આ ધર્માત્માએ મધુરજનીએ પણ અનંતા કર્મોનો નાશ કર્યો !! આ ધર્મી યુવાન લગ્નની પ્રથમ રાત્રે ભાવથી સાધુ જેવો બની ગયો !!! બંનેએ મસલત કરી કે આપણે ૨ વર્ષ મોડાં લગ્ન કર્યા હોત તો અબ્રહ્મનું પાપ વર્ષ સુધી તો ન કરત ને ?** તો આપણે મનથી માની લેવું કે આપણે લગ્ન કર્યાં નથી ! એમ **મનને સમજાવી લગ્ન પછી ૨ વર્ષ બ્રહ્મચર્ય પાળ્યું !** લોકો પાછળ બોલવા માંડ્યા કે બે-બે વર્ષ થયા છતાં સંતાન કેમ થતું નથી ? ત્યારે ગુપ્ત બ્રહ્મચારી આ બંનેએ અબ્રહ્મનું પાપ સેવવું પડ્યું. પણ ત્યારે મનમાં **બંનેએ એવી પ્રાર્થના કરી કે અમારું બાળક ખૂબ મહાન બને !** છતાં પછી પણ તેઓ ઘણાં દિવસ તો બ્રહ્મચર્ય પાળે છે.

આવો **અદ્‌ભૂત પ્રસંગ વાંચી** તમે પણ અનંત ભવોના મૂળ એવા આ અબ્રહ્મને ત્યજી દેજો. એ શક્ય ન હોય તો **છેવટે પર્યુષણ વગેરે પર્વોએ ત્યાગ તથા પરસ્ત્રીત્યાગ વગેરે** ખૂબ સહેલા આચારોથી દુર્લભ આ માનવભવને સફળ કરો એ અંતરની અભિલાષા.

## ૪૪. યાવજ્જીવના બ્રહ્મચર્યની તાલાવેલી

મુનિશ્રી મેઘદર્શનવિજયજીને કારતકમાં દંપતિએ **બ્રહ્મચર્યવ્રત આપવાની વિનંતી કરી ! બંને રૂપાળાં ! લગભગ ૩૨ વર્ષની ઉંમર !** તેમણે ઓળખાણ આપતાં કહ્યું, ''આ વર્ષથી ધર્મમાં જોડાયા છીએ. સંઘમાં ચોમાસામાં કરાવેલી બધી તપ વગેરે આરાધના કરી છે.'' પણ મ.શ્રી. એ **ભરયુવાન વયને કારણે આટલું કઠિન વ્રત** આપવાની ના પાડી. તેઓએ અતિ આગ્રહ કરતાં કહ્યું, ''ચારે માસ બ્રહ્મચર્ય પાળ્યું જ છે. ચોક્કસ પાળીશું.....'' ખૂબ તપાસી મ. શ્રીએ ફરી **વંદન કરવા ન આવે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ** લેવાનું કહ્યું. તેઓએ ૩ માસ જઘન્યથી અને પછી વંદન ન થાય ત્યાં સુધીની બાધા લીધી. ૧ વર્ષે આવ્યાં અને ફરી પચ્ચક્ખાણ આપવાની વિનંતી કરી. ફરી વર્ષનું આપ્યું. એમ **૪-૫ વર્ષ તેઓ આવતાં રહ્યાં. અને જિંદગીભરની જ માંગણી** કરતાં ! મ. શ્રી ૧ વર્ષનું આપે. ગઇ સાલ ૫ વર્ષનું પચ્ચક્ખાણ આપ્યું. નવો ધર્મ પામેલાં આ જીવોને આવું કઠિન વ્રત લેવાની કેવી તાલાવેલી ? **તેઓ એક જ રૂમમાં સૂએ છે. છતાં તેમને મનથી પણ અબ્રહ્મનો વિચાર સુદ્ધાં નથી આવતો !** કેવાં પવિત્ર ? હે જૈનો ! **તમે પણ એમને હૃદયથી પ્રણામ કરી** આવા ગુણો તમારામાં આવે એવી પ્રભુને પ્રાર્થના કરી યથાશક્તિ આ ગુણથી પણ આત્માને પવિત્ર બનાવો એ શુભાભિલાષા.

## ૪૫. ભરયુવાનીમાં બ્રહ્મચર્ય

**ગુજરાતમાં રહેતા એક બહેનનો આ પ્રસંગ** ખૂબ અનુ-મોદનીય છે. આપણે એમને મનોરમાના નામથી ઓળખીશું. લગ્ન પછી એક-બે વર્ષમાં જ **વીશ વર્ષની ભરયુવાનવયે પતિ**

**પરલોક પધાર્યા.** ખૂબ રૂપાળાં, ગુણિયલ, સદાચારી આ બહેને,**"હવે બીજીવાર લગ્ન નથી જ કરવા. હવે મારે બ્રહ્મચર્ય જેવો મહાન ધર્મ આદરી માનવજન્મ સફળ કરવો છે." આવો ભગીરથ** સંકલ્પ કર્યો !

પછી શિક્ષિકા બન્યાં અને સુંદર શીલ-સદાચારમય જીવન જીવે છે. આજે ૪૫ વર્ષની ઉંમરે, યુવાની અને રૂપ એવા જ છલકાઇ રહ્યાં છે ત્યારે તેમના અનોખા, આશ્ચર્યકારક જીવનની અસર બીજાને થઇ.

બહેનનો બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ સાંભળી **એક નિઃસંતાન વિધુર ભાઇએ બહેન પાસે બ્રહ્મચર્યના પાલન સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.** બ્રહ્મચર્ય વ્રતનાં રાગી **મનોરમા બહેને પ્રસ્તાવનો ઈન્કાર કર્યો.** કદાચ પુરુષના સહવાસ અને પરિચયથી મનમાં પણ વિકાર જન્મે તો ? બ્રહ્મચર્યના આ ઉપાસકે, ઉપાસના એળે ન જાય માટે લગ્ન ન જ કર્યાં.

**બીજા એક બહેન,** જેઓ લગ્ન પછી પતિ સાથે ન બનતાં કાયમ માટે પિયર પાછા આવી ગયાં છે તેમણે **ફરી લગ્ન ન કરવાનો નિશ્ચય** કરી લીધો છે. **છેવટે બીજા લગ્ન તો ન જ કરવા એવો નિર્ણય તમે કરો તો બ્રહ્મચર્યની સાધનાના લાભ સાથે ઘણી ચિંતા અને ઉપાધિઓથી બચી જશો.**

## ૪૬. પુસ્તક—વાંચનથી ધર્મી

એક બ્રાહ્મણ છોકરી જૈનને પરણી. સાસરીના જૈન આચારો તે પણ આચરતી. અમદાવાદમાં સ્વ. પ. પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ના "જૈન ધર્મનો સરળ પરિચય" પુસ્તક પર પરીક્ષા રખાઈ. આ બ્હેને પણ પરીક્ષા આપવા એ પુસ્તક અનેકવાર વાંચ્યું.

એ બ્હેન પુસ્તકના અનુભવેલા ઉપકારને વર્ણવતાં કહે છે, "હું મનથી જૈન બની ન હતી. પણ આ પુસ્તક વાંચતા જૈન ધર્મની મહાનતા સમજાઈ અને ખરેખર હવે જૈનધર્મ દિલથી સ્વીકારું છું ! બ્રાહ્મણને દ્વિજ અર્થાત્ ૨ વાર જન્મનાર કહે છે. બ્રાહ્મણ એવી મારા ત્રણ જન્મ થયા. જૈન ધર્મની ભાવથી પ્રાપ્તિ એ મારો ત્રીજો જન્મ!!"

એક ઉત્તમ પુસ્તક ક્યારેક જીવોને કેટલો બધો મોટો લાભ કમાવી આપે છે ! પરીક્ષાના ઇનામનું લક્ષ્ય હોવા છતાં જો સુંદર પુસ્તક અજૈન એવી સ્ત્રીનું પણ હૃદય-પરિવર્તન કરી દે તો જૈન શ્રાવક એવા તમને માત્ર આત્મહિતની ભાવનાથી ધ્યાનથી ધાર્મિક વાંચન કેટલો બધો લાભ કરી આપે ? તે વિચારી શાસ્ત્ર-અભ્યાસ ખૂબ ખૂબ વધારો. હે પુસ્તક પ્રેમીઓ ! ટી.વી. ના આજના માહોલમાં પણ તમારો પુસ્તકપ્રેમ એ તમારી એક વિશિષ્ટ ઉત્તમતા સૂચવે છે. તમે આ લાયકાતને વધુને વધુ વાંચન દ્વારા વિકસાવી અન્ય ફાલતૂ સાંસારિક અને પાપી પ્રવૃત્તિઓની રૂચિને નષ્ટ કરવાની એક મહત્ત્વની સાધના દ્વારા ખૂબ જ આત્મહિત સાધો એ અંતરની અભિલાષા. ધર્મવાંચનથી સંસારસ્વરૂપ, આત્મવૈભવ, સત્ય, તત્ત્વ, સ્વહિત વગેરે સમજાવાથી નિર્ભયતા, શાંતિ, આત્માનંદ વગેરે ઘણું મળશે.

## ૪૭. ગોખે તેને આવડે

પક્ખી પ્રતિક્રમણ અમદાવાદમાં દેવકીનંદન સંઘમાં ચાલતું હતું. પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ. સાહેબે સંઘને પ્રેરણા કરી કે આવો આરાધક સંઘ છતાં કોઇને અતિચાર ન આવડે એ શોભાસ્પદ છે ? આ વાત તેમણે પ્રવચનમાં ખૂબ સારી રીતે સમજાવી. એક શ્રાવકને ઉલ્લાસ વધી ગયો અને જાહેર કર્યું કે

અતિચાર ગોખશે તેમને મારા તરફથી સોનાની ચેન ભેટ આપીશ. (આશરે રૂા. ૧૫૦૦ ની થાય) ટ્રસ્ટીઓ સંમત થયા. સંઘે વિચારી યોજના જાહેર કરી કે જે ૧૦ દિવસમાં અતિચાર ગોખી આપે તેમનું ચેનથી બહુમાન કરવામાં આવશે. શ્રોતાઓ, બાળકો, બહેનો થઇ ૭૨ ભાવિક તૈયાર થઇ ગયા. આ મજાની વાત સાંભળી ઓપેરા પાઠશાળાના ધર્મરાગી અધ્યાપક શ્રી શશિકાન્તભાઈ રોજ ૧ કલાક માનદ સેવાથી અતિચાર શીખવવા તૈયાર થઇ ગયા ! ઓપેરા પાઠશાળાના ૬ વિદ્યાર્થી પણ રીવીઝન વગેરે કરાવતા !

સંઘમાં જ્ઞાનયજ્ઞ શરૂ થઇ ગયો. ચારેબાજુ અતિચાર શીખવાની જ વાતો શરૂ થઇ ગઇ. વર્ષો સુધી રોજ પ્રતિક્રમણ કરનારને સાત લાખ પણ આવડતા નથી. તો માત્ર ૧૦ દિવસમાં અતિચાર આવડે ? આજે તો ઘણા આરાધકોની આ ફરિયાદ છે કે મહેનત કરવા છતાં અમને યાદ રહેતું નથી. પરંતુ આ દ્રષ્ટાંત વાંચતા તમને પણ ચોક્કસ થશે કે જો જ્ઞાનપ્રેમી ગોખે તો જરૂર આવડે !!

આ ઘટના ૩-૪ વર્ષમાં બનેલી તદ્દન સાચી છે. ભાવિકોએ જોરદાર મહેનત કરવા માંડી, અને મોટું આશ્ચર્ય બની ગયું કે અગીયારમે દિવસે પરીક્ષામાં ૭૨ માંથી ૪૪ પાસ થઇ ગયા !! ૪૪ નું ઉદારદિલ જ્ઞાનરાગી તરફથી સંઘે ચેનથી બહુમાન કર્યું. સંઘે જ્ઞાનપ્રેમી શિક્ષકનું પણ અષ્ટપ્રકારી પૂજાના ચાંદીના ઉપકરણથી બહુમાન કર્યું.

બાકીના ૨૮ને પૂરા ન આવડ્યા. છતાં મહેનતને કારણે તેઓ પણ ૧૦ દિવસમાં વધારે ઓછા અતિચાર તો શીખી ગયા.

તેઓ પણ ૫-૨૫ દિવસ વધુ મહેનત કરે તો તેમને પણ પૂરા આવડી જાય !

આ અનોખો કિસ્સો આપણને ઘણી બધી સમજ આપે છે. આજે ઘણા બહેનો પણ માને છે કે મોટર ડ્રાઈવીંગ તો આવડવું જ જોઈએ અને એટલે જ ઘણી સ્ત્રીઓ પણ ડ્રાઈવીંગ શીખી જ લે છે. પરંતુ ખેદની વાત છે કે આપણા ધર્મી જૈનો પણ પાંચ પ્રતિક્રમણ તો શીખી જ લેવા જોઈએ એ ખરેખર માનતા જ નથી ! વળી કેટલાક મહેનત તો કરે છે પરંતુ ધ્યાનથી વિધિપૂર્વક ગોખતા નથી, તેથી યાદ કરતા વાર લાગે અને એ ભાગ્યશાળી કંટાળી જાય ! હે ધર્મપ્રેમી ! વિચાર કરો કે માસતુષ મુનિને તો એક શબ્દ ૬ મહિને પણ ન આવડ્યો ! છતાં ચોટી બાંધી લગાતાર ૧૨ વર્ષ ઉત્સાહથી ગોખે રાખ્યું. તો કેવળજ્ઞાન મળી ગયું !!! તમે પણ નિર્ધાર કરો કે ગોખવાથી આવડશે; આઠે કર્મ શુભ બંધાશે અને કેવળજ્ઞાન વગેરે આત્મિક લાભ તો ચોક્કસ થશે જ. વાત બેઠી ? તો નિયમ લો કે રોજ અમુક કલાક શ્રદ્ધાથી તલ્લીનતા પૂર્વક અને વિધિપૂર્વક ગોખવા, વાંચવા વગેરે જ્ઞાનની સાધના હું કરીશ જ. છેવટે રવિવાર વગેરે રજાને દિવસે તો ગોખવું જ જોઈએ. કરો કંકુના, સિધ્ધિ હાથવેત માં છે જ !

**ભાગ-૫ સંપૂર્ણ**